॥ श्री सनातनधर्मो विजयतेतराम् ॥

# શ્રી ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિ હિતવર્ધક સભા

( દરિયાપુર શાહાપુર વોર્ડ ) અમદાવાદ

# श्री सनातन धर्म व्याख्यान सप्ताहनी

# व्याख्यानमाळा ॥

સંવત ૧૯૮૫ ના ચૈત્ર સુદી ૪ થી ચૈત્ર સુદી ૧૧ સુધી

સ્થળ:—શ્રી સનાતન રામબલી હૉલ.

—: વિષયો :—

[૧] શ્રી સનાતન વર્ણાશ્રમધર્મ
[૨] કર્મકાંડની આવશ્યકતા
[૩] યોગ અને જ્ઞાનની મહત્તા
[૪] સનાતનધર્મ અને સ્વરાજ્ય
[૫] પ્રેમલક્ષણા ભક્તિ અને મોક્ષ
[૬] સર્વ સંપ્રદાય સમન્વય
[૭] સનાતનીઓનું સંગઠન અને તેના ઉપાયો
[૮] યોગાસનો અને તેની આવશ્યકતા.

લી. સ્વધર્માર્થી.

પૌરાણિકઃ—બહેચરભાઈ બાલાશંકર પુરાણભાઈ ... પ્રમુખ.

માર્કંડરાય ચુનીલાલ રાવલ ... ... ... મંત્રી.

શ્રા. સ. ધર્મભૂષણ.

શ્રી. ઔ. સ. બ્રા. જ્ઞાતિ હિતવર્ધક સભા,

અમદાવાદ.

# શ્રી સનાતન વ્યાખ્યાન સપ્તાહ કાર્યવાહી સભાના સભ્યો:—

શ્રી અગ્નિહોત્રી શ્રીધર અપ્પાજી
યાજ્ઞિકભૂષણ

,, બહેચરભાઈ બાલાશંકર
પુરાણભૂષણ

[illegible]

શ્રી જેષ્ઠારામ છગનરામ શાસ્ત્રી

,, માર્કંડરાય ચુનીલાલ રાવલ
સનાતન ધર્મભૂષણ

શ્રી રામબલી પ્રાગ તિવારી



,, કૃ[illegible]
ન્યાય શાસ્ત્રી

,, પુરૂષોત્તમભાઈ મણીલાલ રાવલ
કૈસરે-હિંદ

,, સત્યદેવ મિશ્ર
વ્યાકરણાચાર્ય

,, જ્વાલાપ્રસાદ શિવપ્રસાદ પાણ્ડેય
સદ્ધર્મભાસ્કર ધર્મવીર

,, અમૃતલાલ મગનલાલ વ્યાસ

,, માણેકલાલ બાળગોવિંદ દવે

,, રતિલાલ મનસુખરામ પટેલ
વ્યવસ્થાપક 'શ્રી ધર્મ—મંગલ'

,, મણીલાલ મહાદેવ

,, ચીમનલાલ હરજીવનભાઈ
પુરોહિત

ॐ

तत्सत्परमात्मने नमः ॥

# — भूमिका —

## श्री सनातनधर्म व्याख्यान सप्ताह

अथवा

# ज्ञान—यज्ञ

**પૂજ્ય ગુરુજનો અને પ્રિય ધર્મબંધુઓ !**

વિશ્વમાં સર્વ ધર્મો જંબુદ્વીપમાંથી પ્રવર્ત્યા છે, તેમાં પણ જંબુદ્વીપમાંનો આપણો ભારતવર્ષ આખા વિશ્વમાં એકજ ધર્મભૂમિ છે.

ભગવાન વિશ્વકર્તાએ આ ભારતવર્ષને સનાતન વર્ણાશ્રમ ધર્મના સિધ્ધાંતો વડેજ સમૃદ્ધિમાન બનાવેલો છે, કારણકે ધર્મ સદાચારો યુક્ત હોઇ મુક્તિરૂપ ફળ આપે છે.

આ પુણ્યભૂમિમાં ઇશ્વરના અવતારો થયા છે, તેથી દેવના દેહ કરતાં પણ ભારતવર્ષમાં મનુષ્ય દેહ સ્વર્ગપ્રાપ્તિ તથા આધ્યાત્મિક ઉન્નતિ કરાવનાર હોવાથી ઉત્કૃષ્ટ છે.

સંસારી જીવોનું ધ્યેય સુખ છે. દરેક જીવના અંતઃકરણમાં વિષય સુખના સંસ્કારો પ્રબલ હોવાથી બહિર્મુખ જીવ વિષયદ્વારા સુખ મેળવવા યત્ન કરે છે; છતાં નિરતિશય સુખનો અનુભવ કરી શક્તો નથી. અજ્ઞાની જીવના અંતઃકરણમાં સુખની ઇચ્છા જાગતી હોવાથી તેને પૂર્ણ કરવા અનેકવાર જન્મો ધારણ કરી પ્રખર પ્રયત્નો કરે છે, છતાં પ્રાપ્ત કરી શક્તો નથી. આથી કરી સંસારી જીવ જો વેદશાસ્ત્ર અને ગુરૂ જે સૂચવે તે રસ્તે જાય તો જે અવિનાશી સુખની ઇચ્છા કરે તે તેને અવશ્ય પ્રાપ્ત થાય. સુખ મેળવનારે પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. લાંબા સમય સુધી ચાલે એવી પ્રવચનોની શ્રેણી તેનુંજ નામ જ્ઞાનસત્ર અથવા જ્ઞાનયજ્ઞઃ—

જે મનુષ્ય પોતાનું જીવન ધર્મની સાથે જોડી રાખે છે; તે જીવને ધર્મ પ્રકૃતિની કલ્યાણુવાહિની ધારા સાથે જોડીને શાસ્વત શાન્તિમય પરમાત્મ-સ્વરૂપ તરફ લઇ જાય છે. આ પ્રકારનું કાર્ય કરવાની અલૌકિક શક્તિ યજ્ઞમાંજ રહેલી છે,

વેદોમાં કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણુ કાંડો છે, છતાં પરિણામ જ્ઞાન છે. કારણુ કે જીવાત્માને જ્ઞાનની ખાસ જરૂર છે. આ બાબતમાં સર્વ શાસ્ત્રો સમ્મત છે. મનુષ્યમાં જ્ઞાનની વિશેષતા હોવાથી સર્વ જીવોમાં મનુષ્ય ઉત્તમ ગણાય છે. સદ્‌વૃત્તિ પૂર્વક મનુષ્ય જ્યારે સ્વધર્મનું પાલન કરે છે ત્યારે તે મનુષ્યત્વપદનો અધિકારી થાય છે. જેમ જેમ જીવાત્મા નિષ્કામ કર્મ કરે છે, તેમ તેમ તેની બુદ્ધિ શુદ્ધ થાય છે. ઉપરોક્ત વિવેચનથી એ વાત સત્ય ઠરે છે કે આવા સમયમાં જ્ઞાનયજ્ઞની ખાસ આવશ્યકતા છે તે વિચારી ધર્મભૂમિ ભારતભૂમિમાં સુવર્ણ-કળશ સમ શોભી રહેલા સંત મહાત્માઓના સ્થાનરૂપ કળિયુગની ગંગા સાભ્રમતીને તટે આવેલા મહાન ત્યાગમૂર્તિ, સનાતનધર્મભૂષણુ, સનાતની મહાદાનવીર મહારાજ રામબલી પ્રાગ સ્થાપિત જગજ્જનની ભગવતી મહાલક્ષ્મી સમક્ષ સનાતની ધર્મ મંડપમાં **શ્રી ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિ હિત વર્ધક સભા** (દરીયાપુર તથા શાહપુર વોર્ડ) અમદાવાદની યોજનાથી અત્રેના સુપ્રસિદ્ધ આચાર્યો, ધનિકો, વિદ્વાનો, અધ્યાપકો, મહાત્માઓ વગેરેના પૂર્ણ સહકારથી સંવત ૧૯૯૫ ના ચૈત્ર સુ ૪ થી ચૈ. સુ. ૧૧ સુધી જ્ઞાન. યજ્ઞ ઉજવવામાં આવ્યો; તે જ્ઞાનયજ્ઞપ્રસંગે સાત દિવસ સુધી દરરોજ સાંજે ૬ થી ૯ સુધી ધર્મગ્રંથોના પ્રમાણયુક્ત સુધાપ્રવાહનું અસ્ખલિત ઝરણુ થયા કર્યું અને ધર્મ જીજ્ઞાસુઓએ વ્યાખ્યાનો શ્રવણ કરી આદર્શ સાધ્યો. આવા અમૂલ્ય જ્ઞાનયજ્ઞની સ્મૃતિ ચિરકાલ ટકી રહે તથા અનેક પ્રકારની અગવડતાને લીધે એ જ્ઞાનામૃતનું પાન જેઓ ન કરી શકયા હોય તેઓને એનો કિંચિત માત્ર પણ રસસ્વાદ પ્રાપ્ત થાય તે હેતુથી જ વ્યાખ્યાનોના સારસંગ્રહરૂપે યોજના કરવામાં આવી છે.

લિ. ભવદીય

**માર્કંડરાય ચુનીલાલ રાવલ**

શ્રી સનાતન ધર્મ ભૂષણુ

મંત્રી

શ્રી. ઉ. સ. બ્રા. જ્ઞાતિ હિતવર્ધક સભા

અમદાવાદ.

ॐ प्रथम दिवस

# વિષય:—શ્રી સનાતન વર્ણાશ્રમ ધર્મ:—

**પ્રમુખસ્થાને:—સ્વામિશ્રી કૃષ્ણાનંદજી મહારાજ.**

વક્તા:—(૧) **શ્રી વાડીકર શાસ્ત્રી,** બ્રહ્મચારીવાડી, પાઠશાળા અમદાવાદ

(૨) **શ્રી ચંદુલાલ માવજી ભંડારી** સાહિત્ય ભૂષણ. સોરઠ વંથલી, કાઠીયાવાડ.

" **वर्णाश्रमसदाचारधर्मवर्त्मविधायिने ।**

**ब्रह्मण्याय शरण्याय नमोऽनन्ताय चक्रिणे ॥'**

શ્રી. પરમપૂજ્ય આચાર્ય વર્ય મહોદયો તથા સનાતનધર્મરક્ષણ-પક્ષપાતી સકૃતવાન મહાભાગ મહાશયો વડીલો બંધુઓ બહેનો વગેરે.

આજનો દિવસ અત્યંત માંગળિક છે, કારણકે શ્રી જ્ઞાનયજ્ઞસપ્તાહના પ્રથમ દિનનું કાર્ય પરમ પૂજ્ય સ્વામિશ્રીના અધ્યક્ષપણે શરૂ થાય છે; અને તેમાં વિશેષ આજનો વિષય શ્રી સનાતન વર્ણાશ્રમ ધર્મ કે જે આ વિશ્વમાં સર્વથી વધારે આવશ્યક, હિતકર, દુ:ખ માત્રનો ઉચ્છેદ કરનાર, વ્યવહાર પરમાર્થ બન્નેનું કલ્યાણ સાધી આપનાર સાધન છે, તે પસંદ કરવામાં આવ્યો છે.

શ્રી વાડીકર શાસ્ત્રીજીએ શાસ્ત્રીય પદ્ધતિથી સનાતન ધર્મના લક્ષણ (તટસ્થ,-સ્વરૂપ) પ્રમાણ (પ્રત્યક્ષ-અનુમાન) સાધન (આચારાદિ) ફળ વગેરેનું પૂર્ણ વિવેચન કરી સનાતન ધર્મ અપરિવર્તનીય છે તે સાબીત કરી બતાવ્યું હતું. શ્રી. ચંદુલાલ માવજી ભંડારીશ્રીએ સનાતન વર્ણાશ્રમ ધર્મની વ્યવહાર તથા પરમાર્થમાં જરૂરીઆત તથા વર્ણ અને આશ્રમ ધર્મ ઉપર પૂર્ણ વિવેચન કર્યું હતું. ત્યારબાદ પરમપૂજ્ય સ્વામિશ્રીએ સર્વ સનાતન ધર્માવલંબી પંથો વર્ણાશ્રમ નિયમાનુસાર એકજ ધ્યેયથી સચ્ચિદાનંદ પરમાત્માને પામવા સ્થપાયેલા છે તે સાબીત કરી બતાવ્યું હતું.

શ્રી સનાતન વર્ણાશ્રમ ધર્મ વ્યાખ્યાનનો સાર:—

**सनाभवः तथा विधोधर्मः योहि युगचतुष्टयेऽपि एकस्वरुपेण तिष्ठन्, चतुरोवर्णान् आश्रमाँश्च धारयति तथाविधो यः स सनातनधर्मः ॥ धरतीति धर्मः ॥ ध्रियतेऽसौधर्मः ॥**

યુગનો ભેદ રહેવા છતાં સૂત્રરૂપે એક સ્વરૂપમાં રહીને ચાર વર્ણો અને આશ્રમોમાં સદાચારોયુકત રહે છે તે સનાતન ધર્મ છેઃ જેનો નાશ થવાથી વસ્તુનો નાશ થાય છે અને જડ, ચૈતન્ય, સ્થાવર જંગમ, આદિ સંસાર ધારણ કરે છે તેનું નામ ધર્મ છે. ધર્મ એવી આવશ્યક વસ્તુ છે કે જેના પાલનથી પ્રાણી દુઃખથી ન્યુનાધિક બચીને વ્યવહાર પરમાર્થ બન્નેમાં જીવતાં અને મરણ પછી ઉત્તરોત્તર વધારે સુખી થાય છે અને અંતમાં બ્રહ્માનંદ પ્રાપ્ત કરે છે.

શ્રી. સનાતન વર્ણાશ્રમ ધર્મ અપૌરૂષેય વેદથી ઉત્પન્ન થયેલો છે અને આથી કરીને તે સનાતન કહેવાય છે તથા અપરિવર્તનીય છે.

ધર્મ દૃષ્ટ પદાર્થ નથી. તેને વાસ્તે પ્રત્યક્ષ પ્રમાણ હોઈ શકે નહિ, અને અનુમાન પ્રત્યક્ષમૂલક હોવાથી તેનો તથા યુકિતનો ધર્મમાં પ્રવેશ હોઈ શકે નહિ, પણ શબ્દ પ્રમાણ પ્રવૃત્તિની પછી તદનુસાર અનુમાન પ્રમાણ પ્રવૃત્ત હોય તો પ્રમાણ ગણી શકાય. ધર્મમાં પુરૂષબુદ્ધિ પ્રમાણ નથી કારણ કે બુદ્ધિ પુરૂષાધીન નથી જ્યારે બુદ્ધિ પુરૂષાધીન ન હોય તો તે ધર્મમાં પ્રમાણ કેવી રીતે હોઈ શકે; માટે શબ્દ પ્રમાણ તે ધર્મ માટે મુખ્ય પ્રમાણ છે; ધર્મ બાબતમાં શ્રુતિ પ્રમાણ છોડીને અન્ય પ્રમાણ છે નહિ. એથી કરી મનુષ્ય ધર્મનું પરિવર્તન કરી શકતો નથી.

શ્રી પરમકૃપાલુ પરમાત્માએ આ ધર્મમંડપને સદાચારો વડે સમ્યક આચ્છાદિત કરીને ચાર વર્ણોવડે ટેકાવીને ચાર આશ્રમોમાં સ્થાપ્યો છે; આથી આપણે સનાતનધર્મની ઉપયોગિતા સમજ્યા બાદ તેનાં અંગો સદાચાર વર્ણાશ્રમો વગેરે ઉપર વિચાર કરીએ.

"**यस्मिन्देशे य आचारः पारंपर्यक्रमागतः । वर्णानां सान्तरालानां स सदाचार उच्यते** । દેશમાં પરંપરાથી ચાલતો આવેલો જે આચાર હોય તે જુદા જુદા વર્ણોનો સદાચાર કહેવાય છે; અને સદાચાર યુકત ધર્મજ પરલોકમાં પ્રયાણ કરેલા મનુષ્યોને ગાઢ અંધકારવાળા માર્ગમાં દીપક સમ પ્રકાશ આપે છે. ધર્મને સદાચાર પૂર્વક આરાધવામાં આવે તોજ તે આ લોક અને પરલોકનાં અભીષ્ઠ ફળનેજ પમાડે છે એવું શાસ્ત્રકારોનું અનુશાસન છે. જેમ ફોતરાવાળા દાણામાંથીજ અંકુર ફુટી શકે છે, પણ ફોતરાં કાઢી નાખ્યા પછી ફુટી શકતો નથી, તે પ્રમાણે ધર્મ પણ પોતાના અનુરૂપ ફળ મેળવવાને માટે વિહિત આચારોની પરંપરાની અપેક્ષા રાખે છે આથીજ **आचारःप्रभवो धर्मः ॥** એટલે આચારથીજ ધર્મ ઉપજે છે અથવા ધર્મનું મૂળ આચારજ છે. આ

આચાર તે તો શિષ્ટ સમ્મત ગ્રહણ કરવો જોઇએ, સ્વેચ્છાતંત્ર આચારનું ગ્રહણ કરવું નહિ. આચાર તો દેશકાળના પરિચ્છેદ વડે ભિન્ન હોય તો પણ શાસ્ત્રવિરૂદ્ધ ન હોય તો તે આદરપૂર્વક ગ્રહણ કરવો. આથી નક્કી થાય છે કે વેદ તથા સ્મૃતિ બેથી સમ્મત થયેલો આચાર એજ સદાચાર કહેવાય અને તેજ ઉન્નતિના પથ ઉપર લઈ જઇ શકે છે. સદાચાર જાણ્યાબાદ વર્ણોની ઉત્પત્તિ તરફ ધ્યાન દોરીશું.

જગતના સ્વયંભુ પિતામહ–સૃષ્ટિના કર્તા બ્રહ્માએ વિશ્વના અભ્યુદયાર્થે પોતાના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, જંઘામાંથી વૈશ્યો અને ચરણોમાંથી શૂદ્રો ઉત્પન્ન કર્યા, અને બ્રાહ્મણોએ મુખ વડે ક્ષત્રિયોએ બાહુબળ વડે, વૈશ્યોએ અન્ન વસ્ત્રાદિ નિર્વાહ સાધનના પદાર્થો વડે, અને શૂદ્રોએ ત્રણે જાતિના લોકોના કામમાં સહાયતા કરવા હાથ-પગ વડે જુદાં જુદાં કર્મ કરવાનાં ઠરાવી સૃષ્ટિનું રક્ષણ કરવાની આજ્ઞા કરી ચાતુર્વર્ણ્ય પ્રજાના કાર્યો નક્કી કર્યાં.

બ્રાહ્મણોએ ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો કરાવવો, દાન લેવું અને દેવું એ છ કામો કરવાં.

ક્ષત્રિયોએ પ્રજાનું રક્ષણ કરવું, દાન આપવું, વિદ્યાભ્યાસ કરવો, યજન કરવું, મોજશોખમાં વધારે આસક્ત થવું નહીં.

વૈશ્યોએ પશુઓ ગાય, ભેંસ, બકરા, ઘોડા, ઈત્યાદિ ઉપયોગી પશુઓનું પાલન પોષણ કરવું, વિદ્યાભ્યાસ, કરવો, ખેતી–વેપાર કરવો, દાન આપવું યજન કરવું.

શૂદ્રો વાસ્તે પ્રભુએ દાસત્વ ઠરાવેલું છે એટલે ઉપર લખેલા ત્રણ વર્ણના તાબામાં રહીને તેમના દરેક કામકાજમાં મદદ કરવી. આ પ્રમાણે વિશ્વકર્તા ભગવાને ઉપરોક્ત ચાતુર્વર્ણ્ય પ્રજાની ઉત્પત્તિ કરી તેઓનાં કાર્યો નિશ્ચિત કરી તેઓને ચતુરાશ્રમમાં સ્થાપ્યા અને પ્રજાને આશ્રમ ધર્મોનો ઉપદેશ કર્યો.

પૂર્વની આ આર્ય પ્રજાએ પોતાના જીવનના ચાર વિભાગ પાડયા હતા અને આ પ્રત્યેક વિભાગને આશ્રમ કહેવામાં આવતો.

આર્ય બાલકનો જન્મ થયા પછી તે ગુરૂને ત્યાંથી વેદાધ્યન કરી પાછો આવતો ત્યાં સુધીના સમયને બ્રહ્મચર્યાશ્રમ કહેવામાં આવતો. હવે બ્રહ્મચર્યાશ્રમ પૂર્વે શી રીતે પાળવામાં આવતો તેનો આપણે વિચાર કરીએ.

પૂત્રનો જન્મ થયા બાદ જાતકર્મ, સુવર્ણ, મધુ તથા ઘૃતનું પ્રાશન, નામકરણ નિષ્ક્રમણ, કેશચ્છેદન વગેરે સંસ્કારો કરી ઉપનયન સંસ્કાર

આપી તેને અરણ્યમાં ગુરૂઆશ્રમે વિદ્યાભ્યાસ માટે મોકલતા. ત્યાં તે બાળક ગુરૂની આજ્ઞાઓનું પાલન કરી, ભિક્ષા માંગી લાવી તથા પાચનક્રિયાના સાધનો લાવી ગુરૂસેવા કરતો અને બચેલા સમયમાં વિદ્યાભ્યાસ કરતો, આ પ્રમાણે આર્યબાળક વીસ વર્ષની ઉમ્મર પર્યન્ત સ્થાયી ગુરૂગૃહે રહી અસ્ખલિતપણે બ્રહ્મચર્ય પાળી ત્રયી વિદ્યા ષટ્શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરી, મિતાહારી રહી શરીરે હૃષ્ટ પુષ્ટ બની "**सौम्य आयुष्यमान्-नाभव** ॥ આવા અનેક ગુરૂના આશીર્વાદ મેળવી તથા તેઓને સંતોષપૂર્વક ગુરૂ દક્ષિણા આપી પોતાના પિતાના ગૃહપ્રતિ આગમન: કરતો.

આ પ્રમાણે અસ્ખલિતપણે બ્રહ્મચર્ય પાળી ગૃહપ્રતિ આવ્યા બાદ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં પ્રાચીન તેજસ્વી બાળકનું લગ્ન તેનાં માતા પિતા વંશવૃદ્ધિ માટે કલ્યાણપાત્રી આદરણીય શ્રી સ્વરૂપ સંપૂર્ણ અંગવાળી બાર્ય અને અભ્યન્તર લક્ષણયુકત પરગોત્રી અનામય સ્ત્રી સાથે કોઈપણ રીતના વિક્રય વિના કરતા. આર્ય બાલક લગ્ન થયા બાદ ગૃહસ્થના ગુણો ધારણ કરી યથાર્થ બ્રહ્મચર્યના પાલન સાથે પોતાના આત્માને સદા ઈશ્વરપરાયણ રાખી આનંદમાં પોતાનું જીવન ગાળતો અને યથાશકિત દાન તથા અતિથિસત્કાર કરતો.

પ્રાચીન આર્ય બાળકો પોતાની સ્ત્રીને પશુવૃત્તિનું સાધન ન સમજતાં તેને સહધર્મચારિણી સમજી પ્રસન્ન રાખતાં, કારણ કે તે સમજતાં હતાં કે "**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:**॥ સ્ત્રીઓનું જ્યાં સન્માન કરવામાં આવે છે ત્યાંજ દેવતાઓનો સદૈવ વાસ છે. તેવીજ રીતે સ્ત્રીઓ પણ પતિપરાયણ, આજ્ઞાંકિત, વ્યવહારદક્ષ, શુશીલવતી, પ્રિયવાદિની હતી. ઉભય સ્ત્રી પુરૂષમાં વ્યભિચારનું નામ માત્ર પણ ન હતું. બંન્ને જણ નીતિમાન, પરોપકારી, તથા આચાર વ્યવહારનું યથાર્થ પાલન કરનારાં હતા, કારણ કે " **आचारभ्रष्टदेहानां भवेद्धर्म: पराङ्मुख:** ॥ એ ન્યાય તેઓ સારી રીતે સમજતાં. સ્ત્રી પણ પતિવ્રતાજ હતી અને પોતાના પતિના મરણ થયા છતાં પણ પુનર્લગ્ન કરતી નહિં કારણ કે—

**"मृते जीवति वा पत्यौ या नाऽन्यमुपगच्छति**
**सेह कीर्तिमवाप्नोति मोदते चोमया सह ।**

એ નિયમનું તેને બરાબર ભાન હતું.

ઉપરોકત રીતે આર્યબાળક ગૃહસ્થાશ્રમના યૌવનને આનંદમાં નિર્ગમી લગભગ પોતાના જીવનનો બીજો ભાગ પૂરો થતાં પોતે એકાકી વા

પોતાની ધર્મપત્ની સહ, પોતાના ગૃહ તથા પુત્ર પરિવારનો ત્યાગ કરી, વાનપ્રસ્થાશ્રમ ગૃહણ કરતો. આર્ય બાળક વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યા બાદ તે અરણ્યમાં પર્ણકુટી બાંધી પ્રાપ્ત થતાં કંદમૂળ આદિનું ભક્ષણ કરી બ્રહ્મચર્ય પાળી ભૂમિશયન કરી મૃગચર્મ અથવા તરૂવલ્કલ ધારણ કરી પોતાનાં નિત્ય નૈમિત્તિક ષટ્ કર્મો કરી યજ્ઞ યાગાદિ ક્રિયામાં પ્રવૃત્ત રહી આયુષ્યનો ત્રીજો ભાગ ગાળી પોતાની સ્ત્રીના મૃત્યુ પછી અથવા તેનું અસ્તિત્વ હોય તો તેની રજા મેળવી તેનો ત્યાગ કરી પોતે ચતુર્થાશ્રમમાં પ્રવિષ્ટ થતા, ત્રણે આશ્રમોને પૂર્ણ પાલીને પુરૂષ ચતુર્થાશ્રમમાં સંન્યસ્ત ગ્રહણ કરતો. આ આશ્રમમાં તે પુરૂષ પોતાના જીવનના નિર્વાહ જરૂર પૂરતી ભિક્ષાવૃત્તિ કરી ચલાવતો અને ધન ધાન્યનો બીલકુલ સંચય કરતો નહીં. તે સદા પોતે બ્રહ્મધ્યાનપરાયણ બની પોતાના શુદ્ધ આત્માનો સાક્ષાત્કાર કરતો. આ પ્રમાણે આ પંચભૂતના દેહનો નાશ થાય ત્યાં સુધી જીવનપ્રવાસ ચાલુ રાખતા અને દેહનો ત્યાગ થયા પછી મોક્ષની પ્રાપ્તિ થતી.

ઉપરોક્ત શ્રી સનાતન વર્ણાશ્રમધર્મ જગતનો આધારભૂત છે. આ વિષેનાં શ્રી વ્યાસ ભગવાનનાં વચનો દર્શાવી વ્યાખ્યાન સમાપ્ત કરવાની રજા લઈ આપ સર્વની ક્ષમા ચાહીએ છીએ.

"धर्मो विश्वस्य जगतो प्रतिष्ठा लोके धर्मिष्टं प्रजा उपसर्पन्ति,  
धर्मेण पापमुपनुदति तस्माद्धर्मं परमं वदन्ति ॥  
ऊर्ध्वबाहुर्विरौम्येष नैव कश्चित् शृणोति मे ।  
धर्मादर्थश्च कामश्च सकिमर्थं न सेव्यते ॥

વ્યાસ ભગવાન પોકાર કરીને કહે છે કે હે! માનવો આ સનાતન ધર્મ આખા જગતનો આધારભૂત પાપ નાશ કરનાર અર્થકામની સિદ્ધિ આપનાર છે. આથી આ ધર્મ પરમ ગણવામાં આવ્યો છે.

સંસારમાં આજસુધી જેટલી શાન્તિ અથવા ઉન્નતિ દેખાય છે તે બધી ધાર્મિક પુરૂષોના આચરણનાં ફળ છે.

શાન્તિ : શાન્તિ : શાન્તિ :

## * બીજો દિવસ

# વિષય:—કર્મકાંડની આવશ્યકતા:—

**પ્રમુખ સ્થાને. પંડિતશ્રી કેદારનાથ ઓઝા. ( ન્યાય વ્યાકરણાચાર્ય ).**
**વક્તા. શાસ્ત્રીજી ગિરજાશંકરભાઈ** (રાયપુર પાઠશાળા.) **પ્રધાનાધ્યાપક.**
**તથા „ મણીશંકર મગનલાલ** ગીતા પાઠશાળા. **અમદાવાદ.**

પરમ માન્યવર સ્વામિશ્રી, મહાત્માઓ, વિદ્વદ્વૃન્દ, પ્રમુખશ્રી, તથા સન્નારીઓ તથા સજ્જનો:—

આજનો દિવસ અત્યંત આહ્લાદ ઉત્પન્ન કરનાર છે, કારણકે શ્રી જ્ઞાન યજ્ઞનોદ્વિતીય દિન છે અને આજનો વિષય ભારતવર્ષની સંસ્કૃતિના મૂળરૂપ કર્મકાંડની આવશ્યકતાની વિચારણાનો છે.

પરમમાન્યવર પ્રમુખશ્રીએ તથા શાસ્ત્રીજી મણીશંકરભાઈએ શાસ્ત્રીય પદ્ધતિથી કર્મકાંડ એ ધર્મનું મુખ્ય અંગ છે તથા મોક્ષ વગેરેમાં પણ તેની પરંપરાએ આવશ્યકતા છે. તે પ્રતિપાદન કરતું ઘણું અસરકારક વકતૃત્વ કર્યું હતું.

શાસ્ત્રીજી ગીરજાશંકરભાઈએ પ્રાચીન સમયની માતાપિતાભક્તિ, પતિભક્તિ, ગુરૂભક્તિ તથા અન્ય દૈવિ સંપત્તિના સાધનો વગેરેના દાખલા આપી, કહ્યું કે—આધુનિક સમયમાં તે સાધનોનો લોપ થઇ વિપરીત માર્ગ ચાલી રહ્યો છે તેનું મૂળભૂત કારણ-વિચારીએ તો માલુમ પડશે કે આર્ય પ્રજાને શાસ્ત્રમાં અશ્રદ્ધા થઇ તેના પરિણામે શાસ્ત્રીય વિષયમાં અજ્ઞાનતા, પાશ્ચાત્ય સંસર્ગ, અવિહિત આહાર વિહાર વિદેશીય શિક્ષણપદ્ધતિ, વગેરે સંસ્કાર પ્રાપ્ત કરી આસુરી સંપત્તિના વિચારો પ્રાપ્ત કર્યા કે જેના પરિણામે ભારતવર્ષ અધ:પતનમાં આવી પડયો. આ સર્વનું કારણ કર્મકાંડની અજ્ઞાનતા છે. આથી કર્મકાંડની આવશ્યકતા ઉપર દાખલા સહિત-સચોટ પ્રવચન કર્યું હતું. જેનો સાર નીચે મુજબ છે.

શ્રી કર્મકાંડની આવશ્યકતા વિષેના વ્યાખ્યાનનો સાર

સજ્જનો:—પ્રથમ દૈવી સંપત્તિના વિચારો અહર્નિશ રહેતા તેનું કારણ એજ છે કે કર્મકાંડનું અધ્યયન અને સોળ સંસ્કારોથી જીવાત્માની શુદ્ધિ કરવામાં આવતી. તેને માટે આપણા શાસ્ત્રકારોએ ઘણોજ પ્રકાશ કર્યો છે. જે વખતે જીવાત્મા પૃથ્વી ઉપર આવતાં પહેલાં ગર્ભ અવસ્થા-

માંજ તેને ગર્ભાધાન, સંસ્કાર થકી શુદ્ધિ કરવામાં આવતી અને પછી ક્રમથકી સીમંત, જાતકર્મ, નિષ્ક્રમણ, વગેરે સંસ્કારો કરવામાં આવતા, અને છેવટે મનુષ્ય આ જગત તજી ચાલ્યો જાય છે ત્યારે પણ છેવટે અંત્યેષ્ટિ કરી તેની શુદ્ધિ કરવામાં આવતી. આ પ્રમાણે શુદ્ધિને પામેલો જીવાત્માજ પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. જેને સંસ્કારોથી શુદ્ધિ કરવામાં નથી આવતી તેજ મનુષ્ય આસુરી સંપત્તિને પ્રાપ્ત થાય છે. એકજ ક્ષેત્રથી ઉત્પન્ન થયેલા ઘઉંના કણો કેટલાક ત્યાંજ ક્ષેત્રમાં શુદ્ધિ થયા વિના નાશ પામે છે અને કેટલાક કણોને શુદ્ધિ કર્યાં પછી લોટ થયા બાદ અગ્નિ સંસ્કારો પ્રાપ્ત કરી શર્કરા, ઘૃત વગેરેનો સંયોગ પ્રાપ્ત કરી મિષ્ટાનરૂપે બનેલા ઘઉંના કણો ઈષ્ટદેવ ભગવાનના હૃદયના વિષે નૈવેદ્ય કરવાથી વાસ કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે. કે કર્મકાંડના સંસ્કારોથી જીવાત્માની શુદ્ધિ થાય છે; અને જેમને સંસ્કારો કરવામાં આવતા નથી તે ક્ષેત્રમાંજ નાશ પામનાર ઘઉંના કણોની માફક માત્ર નામધારી દ્વિજ કહેવાય છે; અને તેનામાં આસુરી ગુણો ઉપજ થાય છે. કર્મકાંડથી જેવી જીવાત્માની શુદ્ધિ થાય છે તેજ પ્રમાણે કર્મકાંડ થકીજ આ ભારતભૂમિનો ઉદ્ધાર થાય છે. પ્રથમ કર્મકાંડ થકીજ વર્ણાશ્રમની ઉત્પત્તિ થાય છે અને વર્ણાશ્રમ જો ના હોય તો કર્મકાંડનો નાશ થાય માટે તે બન્ને અન્યોઽન્યાશ્રયથી રહેલા છે, હવે વર્ણાશ્રમ છે તોજ સનાતન ધર્મ છે, કારણ કે સનાતન ધર્મનો પ્રાણ વર્ણાશ્રમ છે. અને સનાતન ધર્મ એ ભારતભૂમિનો પ્રાણ છે. જો ભારત ભૂમિમાંથી સનાતન ધર્મનો નાશ થાય તો ભારતભૂમિનો તરતજ નાશ થાય. ભારતભૂમિ એ પૃથ્વીદેવીનું હૃદય છે અને ધર્મ, ઈશ્વર, અને જીવનો વાસ હંમેશાં હૃદયમાં છે. આથી પૃથ્વી દેવીનું હૃદય જે ભારતભૂમિ તેમાંજ ઈશ્વર તથા સનાતન ધર્મનો વાસ છે. માટે સિદ્ધ થાય છે કે ભારતભૂમિનો પ્રાણ સનાતન ધર્મ છે અને સનાતન ધર્મનો પ્રાણ વર્ણાશ્રમ છે. તથા વર્ણાશ્રમનો પ્રાણ કર્મકાંડ છે માટે કર્મકાંડથી ભારતભૂમિનો ઉદ્ધાર છે. દૈવીસૃષ્ટિમાં પણ ઇંદ્ર દેવતાએ સો અશ્વમેધરૂપી કર્મકાંડનું પાલન કરીને જ ઇંદ્રપદની પ્રાપ્તિ કરી છે, એટલે કર્મકાંડની અગત્યતા તો સર્વથા, સર્વદા, સ્વીકારાએલી છે. કર્મકાંડથી જીવાત્માની શુદ્ધિ થાય છે તેમ કર્મકાંડ થકી ભારતભૂમિનો ઉદ્ધાર થાય છે; તેમજ મનુષ્ય મોક્ષને પણ તે થકી પ્રાપ્ત કરે છે. મોક્ષની પ્રાપ્તી જ્ઞાન થકી થાય છે અને જ્ઞાનની પ્રાપ્તિથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે અને જ્ઞાનની પ્રાપ્તિ પાપના ક્ષય થકી થાય છે, અને પાપક્ષય નિષ્

નૈમિત્તિક કર્મો વડે થાય છે અને નિત્ય નૈમિત્તિક કર્મો કર્મકાંડ થકી સિદ્ધ થાય છે.

માટે ભારતભૂમિમાં કર્મકાંડ થકી ઐહિક તેમજ પારલૌકિક સબંધી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને આ લોકમાં દૈવી સંપત્તિના ગુણો પ્રાપ્ત થાય છે માટે કર્મકાંડનો અભ્યાસ કરી સુસંસ્કારો પ્રાપ્ત કરશો તોજ આપણા હિંદુભાઈઓનું કલ્યાણ છે.

---

## ૐ ત્રીજો દિવસ

## વિષયઃ યોગ અને જ્ઞાનની મહત્તા

પ્રમુખસ્થાને. શ્રી પ્રહ્લાદજીભાઇ ચંદ્રશેખર દીવાનજી ( સ્મોલકોઝ કોર્ટના ન્યાયાધીશ.)

વક્તાઃ—શ્રી વાસુદેવ શાસ્ત્રી, શ્રી રવીંદ્રનાથ, શ્રી પ્રભાશંકર રામચંદ્ર દ્વિવેદી, અને શ્રી નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવીજી. અમદાવાદ.

પૂજ્ય મહાત્માઓ, વિદ્વજ્જનો, સનાતન ધર્માનુરાગી ભાઇઓ બહેનો વગેરે. આજનો દિવસ ઘણો આનંદોત્સવનો છે, કારણકે ભગવતી સાનિધ્ય ઉજવાતા જ્ઞાન-યજ્ઞનો તૃતીય દિન છે. તથા આજનો વિષય આત્મકલ્યાણના સાધનો યોગ અને જ્ઞાનની મહત્તાનો છે.

ઉપરોક્ત વક્તાઓએ યોગ અને જ્ઞાનની મહત્તા ધર્મશાસ્ત્રો ઉપનિષદો વગેરેના પ્રમાણયુક્ત મહર્ષિઓના સિદ્ધાન્તાનુસાર સમજાવી હતી અને તે સર્વ વ્યાખ્યાનોનો ઉપસંહાર પ્રમુખશ્રીએ બહુજ યુક્તિપૂર્વક સાર કાઢીને કર્યો હતો કે જેનો સાર નીચે મુજબ છે.

શ્રી યોગ અને જ્ઞાનની મહત્તા વિષેના વ્યાખ્યાનનો સાર.

સજ્જનોઃ—કોઇપણ બે વિષયનો પરસ્પર સમ્બન્ધ શોધી કાઢવો હોય તો તે વિષય દર્શક શબ્દોના યૌગિક અર્થોનો પ્રથમ અને ત્યારપછી તેના રૂઢાર્થનો વિચાર કરવાથી તે સમ્બન્ધ સહજ જડી આવે છે.

"જ્ઞાન" એ શબ્દ "જ્ઞા" એટલે "જાણવું" એ ક્રિયાપદ ઉપરથી થયેલું નામ છે. તેથી એ શબ્દનો યૌગિક અર્થ "જાણવાની ક્રિયા" એવો થાય છે. જ્ઞાનમાં જ્ઞાનેન્દ્રિય અને મનનોજ ઉપયોગ થાય છે.

 

"યોગ" શબ્દ "યુજ" એટલે જોડવું એ ધાતુ ઉપરથી થયેલું ક્રિયાવાચક નામ છે. તેથી "યોગ" શબ્દનો યૌગિક અર્થ કોઇપણ બે વસ્તુનું "જોડાણ અથવા અનુસંધાન" એવો થાય છે. જો જોડવાના પદાર્થો બાહ્ય હોય તો તેમાં મનપૂર્વક કર્મેન્દ્રિયનોજ ઉપયોગ કરવાનો હોય છે, જો પદાર્થો આભ્યંતર હોય તો આવું જ્ઞાન અને યોગ થવામાં ઇન્દ્રિયોના અર્થોનો (વિષયોનોજ) પૃથક્‌પણે વિચાર કરવાનો હોય છે.

જ્ઞાન અને યોગ શબ્દોના રૂઢાર્થો યૌગિકાર્થોથી તદ્દન વિસંગત નથી માત્ર તેના વિશિષ્ટાર્થ છે. "જ્ઞાન" શબ્દનો રૂઢાર્થ "અધ્યાત્મ જ્ઞાન" અને "યોગ" શબ્દનો રૂઢાર્થ "આત્મા–પરમાત્માનો યોગ" અથવા "અધ્યાત્મ યોગ" છે; એટલે કે તે ઉપલા અર્થોમાં જ્ઞાન અને યોગ તો ખરાંજ પરંતુ તે ઉપરાંત જે જ્ઞાનનો વિષય કોઈ બાહ્ય પદાર્થ યા આત્મા નહી પરંતુ આપણો પોતાનો આત્મા છે. તે "જ્ઞાન" અને "યોગ"માં બાહ્યદષ્ટિનો વિષય કોઈ બે વસ્તુનું અનુસંધાન કરવાનું નહી, પરંતુ આપણા પોતાનો પ્રત્યગાત્મા એ એક વસ્તુ અને સમસ્ત વિશ્વનો આત્માએ બીજી વસ્તુ એ બેનું અનુસંધાન કરવાનો જેનો વિષય છે તે "યોગ" એવાં તે શબ્દોના રૂઢાર્થોનો આજે વિચાર થયો.

જ્ઞાન અને યોગ એ બન્નેનો આપણા આત્મા સાથે સંબન્ધ છે અને તેને લીધે "આત્મા" એટલે શું ? એ વિચાર બન્નેમાં સામાન્ય છે. વાસ્તવિક રીતે જોતાં આ જ્ઞાનનોજ વિષય છે; પરંતુ જ્યાં લગી આત્મા શું છે એ જાણ્યું ન હોય ત્યાં લગી કોઇપણ જાતનો યોગ સંભવેજ નહિ. કારણ ઉપર કહ્યું તેમ "યોગ" એટલે આત્મા અને પરમાત્માનું અનુસંધાન તેથી એટલે અંશે "યોગ" "જ્ઞાન" ઉપર અવલંબી રહેલો છે.

આપણા વિચાર પ્રધાન આર્યાવર્ત્તમાં આત્મા એટલે શું એ બાબતનો વિચાર બીજા દેશો કરતાં ઘણો વિવિધ પ્રકારે ઉંડાણથી થયેલો છે, તેને લીધે જુદા જુદા તત્વ ચિંતકોએ આત્માને જુદી જુદી રીતે ઓળખાવવાના કરેલા પ્રયત્ન આપણા બહોળા અધ્યાત્મ શાસ્ત્રના ઇતિહાસના પાનામાંથી જડી આવે છે. આર્યાવર્તમાં કેટલાક પંચમહાભૂતના બનેલા સ્થૂલ દેહને, કેટલાક દેહના વિશિષ્ટ અંગોને, કેટલાક મનને અગર બુદ્ધિને, કેટલાક મન અને બુદ્ધિના વિશિષ્ટ ગુણોને પણ આત્મા માનનારા થઈ ગયા છે.

પણ ઉપનિષદોમાં આત્મા શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સ્વભાવવાળો ભૂમા, સર્વાત્મા, સત્ય અવિનાશી, ઉપાધિરહિત, પરમાનન્દ સર્વાન્તર્યામી દેશકાળથી અનવચ્છિન્ન સ્વરૂપ તરીકે ઓળખાવ્યો છે.

ઔપનિષદ કાળમાંજ તત્વચિંતકો બે મૂખ્ય પક્ષો વચ્ચે વહેંચાઇ ગયા હતા, એક પક્ષની માન્યતા એવી હતી કે કેવળ આત્મજ્ઞાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાનથી પ્રત્યગાત્માનો શરીરાભિમાન ટળી જાય; એટલે પરમાત્મામાં લય થાય છે. તેથી જેમ બને તેમ થોડા વ્યવસાયમાં પરોવાઈ નિશ્ચિત આત્મ સ્વરૂપના ચિંતનમાં જીવન ગાળવું.

બીજા પક્ષની માન્યતા એવી હતી કે જ્ઞાન થયા પછીનું જીવન વગર પ્રયોજન ન ગાળતાં આત્મા અને પરમાત્મા વચ્ચેના અભેદનો અનુભવ મેળવવામાંજ ગાળવું, કારણ કે જન્મ મરણનો ફેરો ટાળવા વાસનાઓને નાબુદ કરવા સપ્રયોજન જીવન ગાળવાને દૃઢ અભ્યાસની જરૂર છે.

પ્રાચીન ઋષિઓએ જ્ઞાનથીજ મોક્ષ અગર નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે, અને જ્ઞાન પછી યોગની આવશ્યકતા નથી એ માન્યતા ઉપર અનેક ગ્રંથો રચેલા છે.

કેટલાક શ્રેષ્ઠાધિકારી મનુષ્યને માત્ર શ્રવણથીજ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જો કે સામાન્યાધિકારીને મનન અને નિદિધ્યાસનની જરૂર પડે છે ખરી. પરંતુ છેવટે સાક્ષાત્કાર થવામાં તો પ્રથમ શ્રવણથી જ મેળવેલું જ્ઞાનજ ઉપયોગી થઇ પડે છે. શ્રવણથી મનન માટે સામગ્રી મળે છે, તે કર્યેથી શંકાઓ દૂર થાય છે; અને છેવટે નિદિધ્યાસન અથવા પરિસંખ્યાન યાને જે સિદ્ધાન્ત સમજ્યા હોઇએ તેનું પુનઃ પુનઃ સ્મરણ કરી તેનો તાદૃશ અનુભવ કરવાનો પ્રયત્ન કરવો; તે કર્યાથી આત્માના પ્રસાદરૂપે જે જ્ઞાન સ્ફુરે છે તેજ મોક્ષદાયક છે.

ઉપનિષદોમાં યોગની મૂખ્ય ક્રિયા ધારણા, ધ્યાન અને સમાધિનીજ છે; એટલે કે મનના નિગ્રહથી પ્રાણનો નિગ્રહ કરવાની ભલામણ છે આ ક્રિયાને યોગ કહેવાય છે.

પતંજલિ ભગવાનના અભિપ્રાય પ્રમાણે યોગ એટલે **ચિત્તવૃત્તિ નિરોધઃ** ॥ ચિત્ત વૃત્તિનો નિરોધ અને તે થયેથી સ્વરૂપમાં અવસ્થિતિ સમાધિ યાને સિદ્ધ થાય છે, અને તે સિદ્ધ થયાથી પ્રજ્ઞા ખીલે છે અને પછી વિશેષ અભ્યાસથી કૈવલ્યપદની પ્રાપ્તિ થાય છે એવો યોગનો ક્રમ છે.

આટલા વિવેચનથી એટલું સ્પષ્ટ થાય છે કે જ્ઞાન અને યોગ એ નિકટ સબંધ ધરાવનારા જુદા જુદા માર્ગો છે, બન્નેની ઉત્પત્તિ ઉપનિષદોમાંથી જ થયેલી છે.

આવો નિકટ સબંધ સમજીને અહીં એકત્ર થયેલા મુમુક્ષુઓ પરિભાષાની જાળમાં ન ગુંચવાતાં પોતાને જેની આવશ્યકતા લાગે અગર તે બાબતમાં પોતે નિશ્ચય ન કરી શકતા હોય તો કોઇ સત્પુરૂષનો સમાગમ કરી તે જાણી લઈ નિઃશ્રેયસની પ્રાપ્તિના કોઈ પણ એક માર્ગે લાગી જાય અને ખંતથી તેમાં પ્રગતિ કરીને સત્યસ્વરૂપને ઓળખી તેની સાથે પોતાના આત્માનું અનુસંધાન કરે કે જેથી ઉપનિષદોમાં જે ધર્મો કહ્યા છે તે તેનામાં જાગ્રત થાય, અને તેથી તે બીજા મુમુક્ષુઓને પણ માર્ગદર્શક થઇ પડે એ શુભેચ્છા પ્રદર્શિત કરી વિરમું છું.

---

## ૐ ચોથો દિવસ

## વિષયઃ—સનાતન ધર્મ અને સ્વરાજ્ય

પ્રમુખસ્થાનેઃ—**શ્રી નારાયણજી પુરૂષોત્તમ સાંગાણીજી** સનાતન-ધર્મ ભૂષણ

વકતાઃ—**શ્રી હીરાલાલ બાપાલાલ શાસ્ત્રી** (ખડાયતા સંસ્કૃત પાઠશાળા, નડીયાદ)

**શ્રી જેષ્ઠારામ હરિજીવન જોષી** (શુદ્ધાદ્વૈત પાઠશાળા, પેટલાદ)

**શ્રી વિષ્ણુદેવ, શ્રી રજનીકાંત**

फुल्लेन्दीवरकान्तिमिन्दुवदनं बर्हावतंसप्रियं !
श्रीवत्साङ्कमुदारकौस्तुभधरं पीताम्बरं सुन्दरम् ॥
गोपीनां नयनोत्पलार्चिततनुं गोगोपसंघावृतं ।
गोविन्दं कलवेणुवादनपरं दिव्याङ्गभूषं भजे ॥

માનનીય સભાપતિ મહોદય, પૂજ્ય પંડિતવૃન્દ, ધર્મપિપાસુ સભ્યગણ તથા બ્હેનોઃ—

આજનો દિવસ અત્યંત આનંદકારી છે કારણકે જ્ઞાનસત્રના ચતુર્થ દિનનું કાર્ય અખિલ ભારતવર્ષની મુખ્ય સનાતન ધર્મ રક્ષક સંસ્થા અ. ભા. વ. વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘના ઉપર પ્રમુખના અધ્યક્ષ પદે શરૂ થનાર છે અને આજનો વિષય શ્રી સનાતન ધર્મની સ્વરાજ્યમાં આવશ્યકતા છે કે કેમ તે વિચારવાનો છે.

શાસ્ત્રી હિરાલાલ ભાઈએ શ્રી સનાતન ધર્મ અને સ્વરાજ્ય શબ્દનો શાસ્ત્રીય પદ્ધતિથી અર્થ સમજાવી સાબીત કરી બતાવ્યું હતું કે સનાતન વર્ણાશ્રમ યુગભેદ રહેવા છતાં સનાતનત્વ નષ્ટ થયા વિના એક સ્વરૂપે રહે છે તથા યૌગિક સમાંગરાજ્ય તેજ સનાતનીઓનું સ્વરાજ્ય છે.

નવ મતવાદીઓનો સ્વરાજ્ય શબ્દનો અને સનાતનીય સ્વરાજ્ય શબ્દનો અર્થનો ભેદ વ્યાવહારિક રીતે તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી શ્રુતિ સ્મૃતિના આધારે બતાવી, સ્વરાજ્યમાં રાજાની આવશ્યકતા દર્શાવી, જ્યાં રાજા નથી તે દેશોની પરિસ્થિતિનો પૂર્ણ ખ્યાલ આપ્યો હતો. તથા કહ્યું કે-સાર્વભૌમ સત્તાએ ધર્મધ્વંસક કાયદાઓને ધારાસભામાં આવવા દેવા જોઈએ નહિ, કારણકે ધર્મ મર્યાદાનો વિષય તો આચાર્યો તથા ધર્મજ્ઞાની વિદ્વાન વર્ગનો છે, નહિ. કે ધર્મવિમુખ અજ્ઞાન સભ્યોનો કે જે નિર્ણય કરી શકે, આ બાબત ઉપર આવશ્યક વિવેચન કરી હાલની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો.

શાસ્ત્રી શ્રી જ્યેષ્ઠારામભાઇએ સનાતન ધર્મથીજ સ્વરાજ્યની પ્રાપ્તિ થાય છે તેનો પૂર્ણ ખ્યાલ શાસ્ત્ર તથા ઐતિહાસિક પુરાવા આપી દર્શાવ્યો હતો.

ભારત વર્ષમાં ચાલતા મતો (પંથો) ની શરૂઆતનો ખ્યાલ આપી સનાતન ધર્મ અનાદિકાળથી ચાલ્યો આવે છે તે સાબીત કરી બતાવ્યું હતું. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગમાં પણ સનાતન ધર્મનું રક્ષણ કેવી રીતે થયું હતું તેનો ખ્યાલ આપ્યો હતો. સનાતન ધર્મની પ્રાચીન આર્ય સંસ્કૃતિ એટલે ચાતુર્વર્ણ્ય પ્રજાની કર્તવ્યપાલનતા વિષે દષ્ટાંતો આપી ભારતવાસીઓ ધર્મને પ્રાણ સમાન માનતા હતા. તે હકીકતરાયનો દાખલો આપી સમજાવ્યું હતું. ત્યારબાદ સનાતન ધર્મ ઉપર થયેલા કેટલાક આક્રમણો સાલવાર કોના તરફથી થયા તે દર્શાવી ભારત પ્રજાએ કેવા મહાન પ્રયાસોથી ધર્મનું રક્ષણ કર્યું હતું તે દર્શાવ્યું હતું. ભારતવર્ષના સ્વરાજ્યમાં સત્ય, માતૃશિક્ષા, દિએર ભોજાઈ અને પતિ પત્નિના આદર્શો, પરસ્ત્રી માતૃવત્, પરદ્રવ્ય લોષ્ટવત્, ભાતૃપ્રેમ, વગેરે આદર્શોની જરૂરિયાતો દર્શાવી હતી. ત્યારબાદ ભારતવર્ષની કફોડી સ્થિતિનાં કારણો દર્શાવી સનાતન ધર્મના સિદ્ધાંતોના પાલનવડે સ્વરાજ્ય પ્રાપ્તિ માટે તૈયાર થવા હાકલ કરી હતી.

ત્યારબાદ શ્રી. વિષ્ણુદેવે શ્રી. રજનીકાન્ત શર્માએ તથા પ્રમુખે શ્રી સનાતન ધર્મની સ્વરાજ્યમાં પુર્ણ આવશ્યકતા છે તે દર્શાવી આપ્યું હતું.

# શ્રી. સનાતન ધર્મ અને સ્વરાજ્ય વિષે વ્યાખ્યાનનો સાર

( શ્રી. સનાતન ધર્મ તથા તેના અંગોપાંગ વિષે પૂર્ણ વિવેચન આગલા વ્યાખ્યાનોમાં થઈ ગયું છે આથી કરી સનાતન ધર્મની સ્વરાજ્યમાં આવશ્યકતા છે કે કેમા તે વિષયને લગતા સાર અત્રે આપવામાં આવ્યો છે.)

પ્રિય સજ્જનોઃ—આજે ભારતને સ્વરાજ્યની ભૂખ લાગી છે. અને ભારતીય પ્રજા આર્થિક ઉન્નતિપૂર્વક સ્વસત્તા ઇચ્છે છે. પણ સનાતન ધર્મના સિધ્ધાંતાનુસાર સ્વરાજ્યનો અર્થ તો નીચે મુજબ છે.

**स्वाम्यमात्यौ पुंरराष्ट्रं कोशदण्डौ सुहृत्तथा ।**
**सप्त प्रकृतयोह्येताः सप्ताङ्गं राज्यमुच्यते ॥**

રાજા, દિવાન, નગર, રાષ્ટ્ર, ખજાનો, સેના, મિત્રવર્ગ આ સાતના સમુદાયને 'રાજ્ય' કહેવાય છે અને

**स्वोज्ञातावात्मनि स्यात् स्वंत्रिष्वात्मीये ऽस्त्रियांधने ॥**

આ નિયમથી સ્વ શબ્દના ચાર અર્થ આત્મા, આત્મીય, જ્ઞાતિ અને ધન થાય છે. આત્મા એટલે પોતે, આત્મીય કુટુંબીઓ જ્ઞાતિ એટલે સમાજ અને ધન એટલે અર્થોત્પાદક વ્યાપાર. આ ચારની ઉન્નતિ વાસ્તે અગાઉ દર્શાવેલ સપ્તાંગ રાજ્ય તે સનાતન ધર્મનું મુખ્ય સ્વરાજ્ય છે. ત્યારે આ પાશ્ચાત્ય શિક્ષાદિક્ષાદીક્ષિત માર્ગભુલ્યા નેતાઓ માત્ર સ્વરાજ્યના શબ્દના સ્વના કેવળ આલોકના સુખ વાસ્તે સમાજ અને વ્યાપાર આ બે અર્થો ગ્રહણ કરે છે. અને તે બેની સિદ્ધિને વાસ્તે રાજ્યની આકાંક્ષા રાખે છે, અને પોતાની ઇચ્છા પ્રમાણે સ્વૈર ભોગમાં ધર્મના ધારા ધોરણોને તેઓની દૂષિત આંખે નિહાળે છે. રાજ્યનો અર્થ વહીવટ હસ્તગત કરવો એ પ્રમાણે માને છે અસ્તુઃ આ પ્રમાણેની ઇચ્છા હોવા છતાં પણ રાજ્ય પાલન પદ્ધતિ સ્વદેશીય હોય ત્યારેને? તે વખતે તો ખાનપાનાદિ વગેરેમાં વિદેશીય રાજ્ય કર્તાઓનું અનુકરણ કરવું છે.

સનાતનધર્મના આધારે તો આ લોક અને પરલોક અને મોક્ષ અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારૂં રાજ્ય તે સ્વરાજ્ય, તેઓ જે અર્થ અને કામ ચહાય છે તે સનાતનીઓને પણ વાંચ્છનીય છે પણ ધર્મ અને મોક્ષ સાથે. શ્રુતિ કહે છે કે **आत्मनः कामाय सर्वं प्रियं भवति॥**

ચાર પદાર્થો નીપ્રાપ્તિ ક્યારે થાય જ્યારે સનાતનધર્મની આજ્ઞામાં રહીને જીવન ગાળીએ ત્યારેજ, ધર્મ પ્રિય સજ્જન વૃન્દ આપણા પાશ્ચાત્ય શિક્ષાદીક્ષા દીક્ષિત માર્ગભૂલ્યા નેતાઓ કહે છે કે સનાતન ધર્મ એ સ્વરાજ્યમાં બાધક છે, આથી ધર્મની વિકૃતિ કે નાશ કરી ભારતીય પ્રજામાં સબગોલંકાર થવાથી સ્વરાજ્ય મળશે; પરંતુ તેઓ ગંભીર ભૂલ કરે છે, કેમકે સનાતન ધર્મ સ્વરાજ્યમાં બાધક નથી પણ સાધક છે. જો સબગોલંકારરૂપ ઐક્યથીજ સ્વરાજ્ય મળતું હોય તો આજ અનેક વિદેશી રાજ્યો ઐક્ય (રોટી બેટી વ્યવહાર) વાળાં હોવા છતાં એક બીજાનો નાશ પરસ્પર કરી રહ્યાં છે. સનાતન ધર્મ તો હંમેશાં એજ પુચ્છે છે કે

" सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

ભારતીય તમામ પ્રજા સુખી થાય, સર્વે નિરોગી બનો, પ્રાણી માત્રનું કલ્યાણ થાવ, કોઈપણ પ્રાણીને દુઃખ પ્રાપ્ત ન થાય આ સનાતન ધર્મનો સિદ્ધાંત છે. સનાતન ધર્મ વગરનું સ્વરાજ્ય તે સ્વરાજ્ય નથી પણ શ્વરાજ્ય છે અને શ્વરાજ્ય શ્વાનની માફક પરસ્પર કુસુપ પ્રવર્તાવી પરિણામે વિનાશ પામશે.

આજે સ્વરાજ્યના નિમિત્તે સંહાર થવા બેઠો છે, પરંતુ ખાત્રી રાખજો કે મહર્ષિ વેદ વ્યાસજીની આજ્ઞા છે કે ધર્મથીજ અર્થ, કામ, મોક્ષ પ્રાપ્ત થાય છે માટે સનાતન ધર્મના આદર્શો પાળવાથી અને આર્ય સંસ્કૃતિનું રક્ષણ કરવાથીજ સાચું સ્વરાજ્ય પ્રાપ્ત થાય છે. ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવાથી સ્વરાજ્ય પ્રાપ્ત થનારજ નથી.

સનાતન ધર્મના આદર્શો સાચું બોલવું, પર સ્ત્રી માતા સમાન ગણવી, પર દ્રવ્ય લોષ્ટ સમાન ગણવું, ભ્રાતૃ પ્રેમ, માતૃશિક્ષાનો આદર્શ, દીએર ભોજાઈનાં આદર્શો, પતિ પત્નીના આદર્શ વગેરેને લઈને આ ભારતવર્ષ સુખી હતો.

હાલના પાશ્ચાત્ય શિક્ષાદીક્ષાદીક્ષિત નેતાઓએ પ્રથમ અવાજ ઉઠાવ્યો હતો કે "કોર્ટો બંધ કરો" પરંતુ એક પણ ગામની અદાલત બંધ ન થઈ કારણ કે આજે કોર્ટમાં દાવા સાક્ષીઓ વગેરે જુઠાણા તૈયાર થાય છે. પણ સ્વરાજ્ય માટે અને કોર્ટો બંધ કરવા सत्यं वद તે આજ્ઞાનું પાલન કરવું જોઈએ કે જેથી વગર પ્રયાસે અદાલતો બંધ થાય.

અમારા સનાતન ધર્માવલંબી ભ્રાતાઓ જો ઉર્વશીનો પ્રસંગ યાદ લાવી અર્જુનની માફક પર સ્ત્રી સાથે માતૃ ભાવથી વર્તે ને રામ અને

રાવણના યુદ્ધપ્રસંગે લક્ષ્મણની બેહોશ સ્થિતિ વખતે રામની દશાનો ખ્યાલ લાવી ભ્રાતૃપ્રેમની શિક્ષા લે, તો આ ભારતમાં સ્વરાજ્યનો સૂર્ય ઝળહળતાં વાર લાગે નહિ.

જ્યારે લક્ષ્મણ રામની સાથે અરણ્યમાં જવાની સુમિત્રાની આજ્ઞા માગવા ગયા ત્યારે જેવો ઉપદેશ આપ્યો તે પ્રમાણે અમારી સનાતન ધર્મી માતાઓ પોતાના પુત્રોને આપશે અને શોકયના પુત્રોને પણ સ્વપુત્ર સમાન ગણી પરસ્પર ભ્રાતૃપ્રેમનો પ્રચાર વધારશે અને ભારતીય બંધુઓ પણ એક બીજાના દુઃખે દુઃખી બની કલેશના મૂળરૂપ કુસંપના કડવા બીજોનો જડમૂળથી જ્યારે નાશ કરશે ત્યારે તુરતજ ભારતના સ્વરાજ્યનો સૂર્ય પ્રકાશશે.

સનાતન ધર્મમાં દીએર અને ભોજાઈનો સબંધ પુત્ર અને માતા સમાન કહેલો છે. તે અનુસાર જ્યારે ભારતવાસીઓ શ્રીલક્ષ્મણજી જેવો આદર્શ પાળતા થશે અને વડીલ સ્ત્રીઓને માતા સમાન ગણી પૂજ્ય માનશે ત્યારે ભારત સ્વતંત્રતાને પ્રાપ્ત થશે.

જ્યારે ભારતીય માતાઓ જગજ્જનની જાનકીજીની માફક

**अग्रतस्ते गमिष्यामि चिन्वन्ती कुशकण्टकान् ॥**

“ હું દર્ભ અને કાંટાઓ વીણતી આપના આગળ આગળ ચાલીશ જેથી આપને કષ્ટ ન થાય ” આવા ઉદ્‌ગારો કાઢી પતિપરાયણ બનશે અને સાવિત્રી, અનસૂયા અને દેવહૂતિના આદર્શો પાળશે ત્યારેજ આ ભારતમાં સ્વરાજ્યનો સૂર્ય ઉગશે.

જ્યારે ભારતમાં વર્ણાશ્રમધર્મ યથાસ્થિત પળાતો હતો, આર્ય સંસ્કૃતિનું રક્ષણ થતું હતું, સનાતન ધર્મના પ્રાચીન આદર્શો પળાતા હતા, દ્રોણ જેવા સમર્થ ધર્મનિષ્ઠ બ્રાહ્મણો ગુરૂ તરીકે પૂજાતા હતા, ભીષ્મ જેવા સમર્થ ક્ષત્રિયો હતા કે જેણે સ્વધર્મના સામર્થ્યથી કાળને પણ અટકાવ્યો હતો, ભામાશા જેવા ઉદાર વૈશ્યો હતા કે જેણે સ્વધન ઉદારતાપૂર્વક ભારતની સેવામાં સોંપ્યું હતું, અને જેણે રાજા પૌંડ્રકનો ગરૂડ બનાવ્યો હતો કે જે આકાશમાં શ્રી કૃષ્ણના ગરૂડની માફક ઉડતો હતો, તથા અગ્ન્યાસ્ત્ર, પર્જન્યાસ્ત્ર વગેરે રચનાર શિલ્પકળામાં નિપુણ એવા કારીગર શૂદ્રો ભારતમાં વસતા હતા, ત્યારે આ ભારત સુખી અને સમૃદ્ધિશાળી હતો, અને સ્વરાજ્ય ભારતના હસ્તગત હતું; પણ જ્યારથી લોર્ડ મેકોલેની શિક્ષાથી શિક્ષિત બનેલી ભારતીય પ્રજા વિદેશીરોની

વાનર નકલ કરીને પ્રાચીન આર્ય સંસ્કૃતિને ધૂળમાં રોળી રહી છે, સ્વરાજ્યની સિદ્ધિ માટે સ્રી ધર્મનો ધ્વંસ કરી સતી સીતાના આદર્શનો વિપ્લવ કરી રહી છે, સ્વતંત્રતાની સફાઈમાં સ્વચ્છંદતાની સત્યાનાશીએ ચઢી પતિ–પત્નીના, ગુરૂ–શિષ્યના અને પિતા–પુત્રના આદર્શોને નષ્ટ ભ્રષ્ટ કરી રહી છે, સ્રીઓની માન મર્યાદાઓ મરણ શય્યાએ પડી છે, ત્યારથી ભારત વર્ષની પાયમાલી થઈ રહી છે.

હાલના પાશ્ચાત્ય શિક્ષાદીક્ષાદીક્ષિત ભારતીય માતાના સપૂતો ભારતના નેતાઓ બની "મંદિર પ્રવેશ, શારડાબીલ, તલ્લાક બીલ" જેવાં સેંકડો વર્ણસંકરી બીલ ઉપરા ઉપરી લાવી છળ બળથી પસાર કરી સનાતન ધર્મનો નાશ કરવા તનતોડ પ્રયત્ન કરી સ્વરાજ્ય પ્રાપ્તિ કરવા ફોગટ પુરૂષાર્થ કરી રહ્યા છે. પણ ભાન ભૂલ્યાઓને ખબર નથી કે સ્વરાજ્ય એટલે દુઃખરહિત કલ્યાણકારી આનંદની દશા. આથી સ્વરાજ્યના અભિલાષીઓએ તો ધર્મધ્વંસક કુટિલ બની છેતરપંડી ન કરતાં શાસ્ત્રાજ્ઞાઓનું પાલન કરી ઋષિપ્રણીત ધર્મમર્યાદાના પુસ્તકોના અભ્યાસી બની સ્વરાજ્યકાર્યમાટે ધૈર્યબળ અને આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવી જોઇએ, કે જેથી ઉતરોત્તર અભ્યુદયપૂર્વક આનંદ બ્રહ્મ સુધી પહોંચાય એજ સત્ય પૂર્ણ સ્વરાજ્ય છે. સનાતનીઓનું ધર્મસ્વરાજ્ય છેવટમાં બ્રહ્માનંદને પ્રાપ્ત કરાવનાર હોવાથી વિશેષ શ્રદ્ધેય છે. સનાતનીઓ રાજકીય ચળવળના વિરોધી નથી પણ જે બાબતો વેદિક સિદ્ધાંતોનો વિરોધ કરે છે તેનોજ અમે વિરોધ કરીએ છીએ. અમે તો ભારત વર્ષને અમારી પ્રાચીન સંસ્કૃતિ સહિત સ્વતંત્ર જોવા ચાહીએ છીએ.

અન્તમાં સનાતની બંધુઓ તેમજ બહેનોને સવિનય નિવેદન છે કે **स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि** એ ભગવદાજ્ઞાને માન આપી શ્રદ્ધાપૂર્વક પોતપોતાના વર્ણાશ્રમધર્મમાં લાગ્યા રહો; કે જેમાં સ્વરાજ્યપ્રાપ્તિ સમાયેલી છે.

# પાંચમો દિવસ

## વિષય:—પ્રેમલક્ષણા ભક્તિ અને મોક્ષ

**પ્રમુખસ્થાને:-પૂજ્ય શ્રી ભાગવતાચાર્ય મહારાજ**

વક્તાઃ-૧ **શ્રી જેષ્ઠારામ હરિજીવન જોષી** (મહામહોપદેશક) પ્રધાનાધ્યાપક શ્રી. શુદ્ધાદ્વૈત પાઠશાળા. પેટલાદ.

**૨ શ્રી રજનીકાન્ત શર્મા ઠે. ગોધરા**

પૂજ્ય સભાપતિ મહોદય વંદનીય પંડિતવૃન્દ, સભ્યગણ, અને બહેનો! આજનો દિવસ અત્યંત આનંદદાયી છે. કારણ કે આજનો વિષય પ્રેમ લક્ષણા ભક્તિ અને મોક્ષનો છે કે જે ભક્તિ વડે પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે છે.

આજ આપણા સર્વનું સદ્‌ભાગ્ય છે કે આજની સભાનું પ્રમુખસ્થાન શ્રી રામાનુજ સંપ્રદાયના શ્રી ભાગવતાચાર્યજીએ સ્વીકારેલું છે અને તેમાં વક્તા તરીકે અજોડ વક્તૃત્વ ધરાવનાર મહામહોપદેશક જયેષ્ઠારામ ભાઈશ્રી આપણને આજના વિષયની પૂર્ણ રહસ્યમય મહત્તા સમજાવવાના છે. વ્યાખ્યાનનો સાર નીચે મુજબ છે.

પ્રેમલક્ષણા ભક્તિ અને મોક્ષ વિષેનાં ( વ્યાખ્યાનનો ) સાર. પ્રિય શ્રોતૃવૃન્દ! આ સંસારમાં માયાવી જીવને ચોરાશી લક્ષ યોનિમાં ભ્રમણ કરતાં કરતાં સંસારરૂપી સમુદ્ર તરવા માટે આ નરદેહરૂપી નૌકા ભગવદ્ કૃપાથી મળેલી છે. પરંતુ જો તે સંસાર તરવાના ઉપયોગમાં ન લેતાં ગુમાવી બેસે તો ફરીથી મળવી દુર્લભ છે.

હવે આપણે વિચાર કરવો જોઈએ કે આ મનુષ્યજન્મ ધારણ કરી આપણે કયે માર્ગે ચલાવાથી આપણું શ્રેય સાધી શકીએ.

શ્રી. ભગવાન અંતર્યામીએ મનુષ્યનું કલ્યાણ કરવાની ઈચ્છાથી કર્મ, જ્ઞાન અને ભક્તિ માર્ગ એ ત્રણ પ્રકટ કરેલા છે.

કર્મ માર્ગમાં દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા, અને કર્મ એ ૭ પ્રકારની શુદ્ધિની આવશ્યકતા રહેલી છે, આવો કર્મ માર્ગ કળિયુગમાં અત્યંત કઠિન છે.

જ્ઞાન માર્ગમાં ભક્તિની પ્રથમ આવશ્યકતા છેઃ કે જેમાંથી કલ્યાણનાં અમૃતમય ઝરણાં ઝરી રહ્યાં છે, એવી પ્રભુની ભક્તિનો ત્યાગ

કરીને જેઓ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે, તેઓ જ્ઞાન મેળવવામાં થતો કાયક્લેશ ફળમાં પ્રાપ્ત કરે છે. બીજું કંઇ ફળ મળતું નથી. જેમ ડાંગરના ફોતરાં ખાંડનારને ગમે તેટલાં વર્ષો સુધી ફોતરાં ખાંડયા કરે તો પણ તેમાંથી ચોખા મળતા નથી તેમ ભકિતનો ત્યાગ કરી જ્ઞાન મેળવવા પ્રયત્ન કરનારને પણ કંઇજ ફળ મળતું નથી.

સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપર યુગમાં તો જ્ઞાન અને વૈરાગ્યથી મુકિત પ્રાપ્ત થતી હતી. પરંતુ કળિયુગમાં તો કેવળ ભકિતથીજ પર બ્રહ્મમાં સાયુજ્ય પ્રાપ્ત થઈ શકે છે, આથી મોક્ષ આપનાર સાધનોમાં ભકિત સર્વોત્કૃષ્ટ સાધન છે.

કલિયુગમાં કલ્યાણનો માર્ગ ભક્તિ જ છે; અને આજનો વિષય પણ તેજ છે. આથી આપણને પરમ સદ્‌ભાગ્યે તે વિષય વિષે સાંભળવાનું પ્રાપ્ત થયું છે.

મહાત્મ્યજ્ઞાનપૂર્વક સંમજી અત્યંત દઢ અને સર્વ (સ્ત્રી પુત્ર, કુટુંબ વગેરે)થી અધિક સ્નેહ શ્રીહરિમાં થાય તેનું નામ ભક્તિ. આજ તો આપણે સંસારી માયાના જીવો માટે સર્વ સાચું અર્પણ કરવા તૈયાર છીએ અને પ્રભુનિમિત્તે જુઠું બનાવટી અપર્ણ કરી બાહ્ય દેખાવને ભક્તિ મનાવી માની રહ્યા છીએ. આનું નામ ભક્તિ નથી, પણ ભક્તિ તો જેમ ગંગાજીનો પ્રવાહ વચ્ચમાં ગમે તે આવે તેને તોડી નાંખીને સમુદ્ર તરફ અવિચ્છિન્ન વહ્યા કરે છે તેમ આપણું ચિત્ત પ્રભુમાં તલ્લીન બની જાય, " त्रुटिर्युगायते त्वामपश्यताम् ॥ " પ્રભુનાં દર્શન ન થતાં એક ક્ષણ પણ યુગ જેવી જણાય, પ્રભુવિના એક ક્ષણ પણ ન રહેવાય તેનું નામ પ્રભુભક્તિ.

ભક્તિમાં કર્મ અને જ્ઞાનની આવશ્યકતા છે. ભક્ત ગમે તેવો ઉચ્ચ કોટિનો હોય પરંતુ તેને જ્યાં સુધી દેહાનુસંધાન છે ત્યાં સુધી તેણે સેવાના અવકાશમાં વૈદિક નિત્યનૈમિત્તિક કર્મ અવશ્ય કરવાં જોઇએ કારણ કે કર્મથી અંતઃકરણ શુદ્ધ બને છે.

આ ભવસાગરમાંથી પાર ઉતરી મુક્તિપદ પામવા માટે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન. દાસ્ય, સખ્ય, આત્મનિવેદન આ નવધા ભક્તિ કહેવામાં આવી છે; જેના પ્રતાપે પરીક્ષિત, શુકદેવ પ્રહ્લાદ, લક્ષ્મીજી, પૃથુરાજા, અક્રૂરજી, હનુમાનજી, અર્જુન, બલિરાજા, વગેરે પ્રભુને પામ્યા છે

ભગવાન્ શ્રી કૃષ્ણચંદ્ર ભક્તિથીજ વશ થાય છે. આનો આપણી સમક્ષ જ્વલંત દૃષ્ટાંત છે. શ્રી કૃષ્ણ પરમાત્માએ મહાભારતના યુદ્ધપ્રસંગે પાંડવોની ભક્તિને વશ થઈ ભીષ્મપિતામહની મરણની આગલી રાત્રે ગોવાળબાળ સ્વરૂપ ધારણ કરી દ્રૌપદી સહિત વિચરી દ્રૌપદીને "અખંડ સૌભાગ્યવતી ભવ" આવો આશીર્વાદ ભીષ્મપિતામહ દ્વારા પ્રાપ્ત કરાવી પાંડવોનો જય કરાવ્યો.

ધર્મપ્રિય સજ્જન વૃન્દ! હવે આપના ધ્યાનમાં આવ્યું હશે કે ભારતમાં મનુષ્ય જન્મ ધારણ કરી કળિયુગમાં ભગવદ્ભક્તિ એજ મુખ્ય કર્તવ્ય છે; કારણ કે ભક્તિથીજ ભગવાન્ પરબ્રહ્મ પ્રાપ્ત થાય છે, અને તેથીજ સ્વર્ગના દેવો પણ ભારતમાં મનુષ્ય જન્મ લઈ શ્રી પરબ્રહ્મ પરમાત્માની ભક્તિ કરી મુક્ત થવા ઇચ્છે છે.

શ્રી ભાગવતમાં રાસલીલા તે હૃદયના રોગરૂપી કામવાસનાનો જલ્દી નાશકરનાર પ્રેમ લક્ષણા ભક્તિનું અદ્ભુત દૃષ્ટાંત નિહાળી શકીએ છીએ. ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે સાત વર્ષની અવિકારી બાલ્યવયમાં ઇન્દ્રનો ગર્વ દૂર કરવા ગોવર્ધનધારણ લીલા કરી, દેવદેવીઓ સમક્ષ ગોપીકાઓ સાથે કરેલી અત્યંત રસના આવિર્ભાવવાળી નિર્દોષ, એવી નિરોધ ક્રીડા કરી તેને રાસ લીલા કહે છે. આ રાસ લીલાનો મુખ્ય હેતુ શ્રી ગોપીજન જેવા વ્રજભક્તોનો, નિરોધ સિદ્ધ કરવાનો હતો અને તે દ્વારા કામદેવનો ગર્વ દૂર કરવાનો હતો.

ભગવદ્‌ની રાસલીલાના ઉપક્રમ વખતે વેણુનાદ શ્રવણ કરી વ્રજનારીઓ ત્યાં આવી ત્યારે ભગવાને તેમને પોત પોતાને ઘેર જઇ સ્વપતિઓની સેવા કરવાનો ઉપદેશ આપી કહ્યું કે "રાત્રીમાં સ્ત્રીઓએ અહીં રહેવું એ યોગ્ય નથી" તે પ્રસંગે ગોપીઓએ સ્પષ્ટ કહ્યું કે અમે તો તમામ ઇન્દ્રિયોના લૌકીક વિષયોનું સમૂલોન્મૂલન કરીને પુનઃ પ્રકટજ ન થાય તેવી રીતે તેનો ત્યાગ કરીને આપશ્રીના ચરણારવિન્દમાં પ્રાપ્ત થયાં છીએ. આનું નામ પ્રેમલક્ષણા ભક્તિ અને પોતાના સર્વે કર્મો (લૌકિક અને વૈદિક) ભગવાનને અર્પણ કરીને પરબ્રહ્મ પરમાત્માનું અખંડ સ્મરણ કરવું અને એક પળ પણ એ પ્રિયતમનું વિસ્મરણ થાય તો વ્યાકુળ બની જવાય એનું નામ જ પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ છે.

ભારતવર્ષમાં પ્રેમલક્ષણા ભક્તિના આદર્શની દૃષ્ટા પ્રેમિશિરોમણી પ્રાતઃ સ્મરણીયા શ્રી ગોપિકાઓ જ હતી, કે જેમણે પોતાનું તન, મન,

અને ધન, આ લોક અને પરલોક સર્વ શ્રીકૃષ્ણચંદ્રને જ સમર્પ્યું હતું.; તેઓએ પ્રાણ પ્યારા શ્યામસુન્દરને સર્વદા તેઓની જ પાસે રાખ્યા હતા. જ્યારે ગોપિકાઓ ગાયોનું દૂધ દોહતી, અનાજ ખાંડતી, દહીં વલોવતી, આંગણા લીંપતી, બાળકોને ઝુલાવતી, રોતાં બાળકોને છાનાં રાખતી તે વખતે પ્રેમપૂર્ણ ચિત્તથી નેત્રોમાં પ્રેમાશ્રુયુક્ત બની ગદ્દગદ્દ વાણીથી ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના ગુણગાન કર્યા કરતી અને સદા સર્વત્ર શ્રી કૃષ્ણચંદ્રને જ જોયા કરતી હતી કારણ કે શ્રી ગોપિકાઓનો પ્રેમ નિર્દોષ અને વિશુદ્ધ હતો.

પ્રેમરૂપા ભક્તિ તો કર્મ, જ્ઞાન, અને યોગથી પણ અત્યંત શ્રેષ્ઠ છે; અર્થાત્ કર્મ, જ્ઞાન અને યોગ એ ત્રણે યદ્યપિ ભગવત્પ્રાપ્તિનાં સાધન છે, તોપણ એ ત્રણેથી "ભક્તિ" સર્વોપરિ શ્રેષ્ઠ છે, અને આથી સેવારસિક ભક્તજનો સમગ્ર સિદ્ધિઓ, ચતુર્વિધ મોક્ષ (સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાષ્ટિ) બ્રહ્માનું પદ, ઇન્દ્રાસન, ચક્રવર્તી રાજ્ય, રસાતળનું આધિપત્ય, યોગની સર્વ સિદ્ધિઓ વગેરેને પણ તુચ્છ માની ભગવત્સેવા વિના બીજું કંઈ ઇચ્છતા નથી.

જે પરમ કલ્યાણના સ્વામી ભગવાન્ શ્રીહરિની ભક્તિ કરે છે તે અમૃતના સમુદ્રમાં ક્રીડા કરે છે અને તે અમૃતના સમુદ્રરૂપ ભગવદ્ ભક્તિમાં પ્રવીણ ચિત્તવાળા ભક્તનું મન ખાડામાં ભરેલા થોડા ગંદા પાણી જેવા કોઈ પણ ભોગમાં અગર સ્વર્ગાદિકમાં યા મોક્ષાદિકમાં પણ ચલાયમાન થતું જ નથી.

જેમને આનંદકંદ શ્રીમુકુંદ ભગવાનના ચરણારવિંદમાં પરમ પ્રેમરૂપા-પરમાનન્દમયી પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે, તેમને મોક્ષસામ્રાજ્યલક્ષ્મી તો તેમના ચરણ આગળ આવી આળોટયા કરે છે.

આપ સર્વના ધ્યાનમાં આવ્યું હશે કે ચોરાશી લક્ષયોનિના અંતે આ સમુદ્ર તરવા ભગવત્કૃપાથી આ નરદેહનૌકા પ્રાપ્ત થાય છે, અને તે ધારણ કરી કળિયુગમાં કલ્યાણકારક માર્ગ કર્યા છે તેનો વિચાર કરતાં કર્મ માર્ગથી સ્વર્ગાદિક પ્રાપ્ત થાય છે, પરંતુ પુણ્ય ક્ષીણ થતાં પુનઃજન્મ લેવો પડે છે. જ્ઞાનમાર્ગનો વિચાર કરતાં કેવળ જ્ઞાનીને તો અવ્યક્ત અક્ષરબ્રહ્મ પ્રાપ્ત થાય છે; પરંતુ અક્ષરથી પર પુરૂષોત્તમ પરબ્રહ્મ ભગવાનની પ્રાપ્તિ થતી નથી, તેથી ભક્તિ શ્રેષ્ઠ ગણેલી છે અને તપસ્વી જ્ઞાની અને યોગી પુરૂષો ભક્તિ કરનારને જ શ્રેષ્ઠ માને છે. આથી સિદ્ધ થાય છે કે પ્રેમલક્ષણા ભક્તિ વડે જ સર્વ સિદ્ધ થાય છે.

# છઠ્ઠો દિવસ

## વિષય—સર્વ સંપ્રદાય સમન્વય—

પ્રમુખસ્થાને— **શ્રી ભાનુશંકર સુંદરજી વ્યાસ** એકઝયુકેટીવ એન્જીનીયર અમદાવાદ

વક્તા—૧ **શ્રી નાગરદાસ કાશીરામ બાંભણિયા** એમ. એ. એલ. એલ. બી.

૨ **શ્રી કૌશીકરામ વિઘ્નહરરામ મહેતા** બી. એ.

૩ **પંડિત શ્રી શંકરપ્રસાદ મિશ્ર** વ્યાખ્યાન વાચસ્પતિ

**यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदांतिनो ।**
**बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥**
**अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः ।**
**सोयं नो विदधातु वाञ्छितफलं त्रैलोक्यनाथो हरिः ॥**

પ્રમુખ મહોદય, શ્રી સનાતન ધર્માવલંબી સુજ્ઞ બંધુઓ બહેનો વગેરે !

આજનો દિવસ ઘણોજ માંગળિક છે. કારણ કે આજનો વિષય "સર્વ સંપ્રદાય સમન્વય" પસંદ કરવામાં આવ્યો છે કે જેના યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિથી સનાતનીઓમાં પ્રવર્તેલી ભેદબુદ્ધિ નષ્ટ થઈ સંગઠન સાધી શકાય અને જેના પરિણામે શાંતિ સ્થાપી શકાય, તદુપરાંત આજના પ્રમુખ મહોદય તથા વ્યાખ્યાતાઓ પણ પ્રખર વિદ્વાન્ અનુભવી છે કે જેઓ સાંપ્રદાયિક મર્મના જ્ઞાતા છે.

શ્રી નાગરદાસભાઈએ સનાતનધર્મનું ખરૂ સ્વરૂપ દર્શાવી ધર્મપાલનમાંજ જગતભરની શાંતિ રહેલી છે તેવું દૃષ્ટાંતસહિત સાબીત કરી બતાવ્યું હતું. ત્યારબાદ સામ્પ્રદાયિક ઝગડાઓ તો સામ્પ્રદાયિક સિદ્ધાંતોના જ્ઞાનાભાવે, સંકુચિત તથા સ્વાર્થવૃત્તિના પરિણામે ભેદબુદ્ધિ ઉત્પન્ન થઈ ચાલી રહ્યા છે, પરંતુ આદ્ય સ્થાપક પુરૂષોએ તો અનેકમાં એકતત્વનું દર્શન કરવું, આત્મપરીક્ષા વગેરેના સિદ્ધાંતાનુસાર વેદાનુકૂળ રહી ભગવાન અનેક રૂપે પ્રકટ થઇ ભક્તને સિદ્ધિ આપે છે તેવા સિદ્ધાંતો પર સામ્પ્રદાયો સ્થાપેલા છે. તેવું સાબીત કરી બતાવ્યું હતું.

વ્યાખ્યાનવાચસ્પતિ શ્રીશંકરપ્રસાદમિશ્રે સનાતનધર્મના સમ્પ્રદાયોના સ્થાપક આદિ આચાર્યોના સામાન્ય મતો વિષે પૂર્ણ વિવેચન

કરી સર્વ સામ્પ્રદાયો વેદપ્રામાણ્ય, વર્ણાશ્રમવ્યવસ્થા, પૂર્વજન્મ, એક ઈશ્વરને માને છે, અને તે દ્વારા પરબ્રહ્મ પરમાત્મા તરફ જવા દોરી રહ્યા છે તે સાબીત કરી બતાવ્યું હતું,

શ્રી. કૌશીકરામભાઈએ પણ સામ્પ્રદાયિક સિદ્ધાંતો ઉપર વિવેચન કરી સર્વ સમ્પ્રદાયો એક ધ્યેય ઉપર સ્થપાયેલા છે તે દાખલા દલીલો સહિત બતાવી આપ્યું હતું. ત્યારબાદ અંતમાં પ્રમુખશ્રીએ વિજ્ઞાનદૃષ્ટિથી વિવેચન કરી પ્રતિપાદન કર્યું હતું કે મનુષ્યને બ્રહ્મપ્રાપ્તિ માટે વિશ્વનિયંતાની અનહદ શકિતનું ભાન હોવું જોઈએ અને તેનું સાધન ફકત સામ્પ્રદાયિક સિદ્ધાંતોની સમજ છે. કારણ કે સર્વ સામ્પ્રદાયો બ્રહ્મપ્રાપ્તિ ધ્યેય ઉપર સ્થપાયેલા છે.

---

# સર્વ સામ્પ્રદાય સમન્વય વિષેના વ્યાખ્યાનનો સાર

પ્રિય ધર્મબંધુવર્ગ ! –ભારતવર્ષમાં સનાતન ધર્મ પાળનાર હિંદુઓમાં શાકત, ગાણપત્ય, સૌર, વેદાન્તી, સ્વામીનારાયણ, કબીર, નિરાંત, બૌધ્ધ, જૈન, ઉદાસીન, શિખ વગેરે અનેક સામ્પ્રદાયો છે અને અને હિંદુ સિવાય મુસલમાન, ઇસાઈ, યાહુદી, પારસી વગેરે અનેક પંથો છે. સર્વ સનાતન ધર્મના સામ્પ્રદાયોના સ્થાપક આદ્ય પુરૂષોના તથા ભાષ્યકાર શ્રી શંકરાચાર્ય, શ્રી. રામાનુજાચાર્ય, શ્રી. વલ્લભાચાર્ય તેમજ શ્રી, મધ્વાચાર્ય વગેરેના અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, તેમજ દ્વૈતવાદી સિદ્ધાન્તો હોવા છતાં તેઓએ વેદની આજ્ઞાઓને તથા એક શુદ્ધ સચ્ચિદાનંદઘનને જુદા જુદા સ્વરૂપમાં માનેલા છે અને ઈશ્વર એક છે અને તે સૃષ્ટિ રચનાર અને તેના પાળક છે તથા વેદ ઈશ્વર કૃત હોઈ તેમાં દર્શાવેલી વર્ણાશ્રમ વ્યવસ્થા તથા પૂર્વજન્મ સંબંધી સિદ્ધાંતો સર્વને માન્ય છે.

ભારતવર્ષમાં પોતાનો સિધ્ધાન્ત જનતા આગળ મૂકતાં પ્રત્યેક આચાર્યોને એ બાબતનો આગ્રહ હતો કે મારો સમ્પ્રદાય અને મારો મત વૈદિક છે. તત્વજ્ઞાનના સિદ્ધાંતોમાં ગમે તેવો મતભેદ હોય તોપણ બધા આચાર્યો વેદના પ્રમાણથીજ પોતાનું તત્વજ્ઞાન પ્રતિપાદન કરે છે, માટે બધા સામ્પ્રદાયો પ્રત્યક્ષ કે પરોક્ષભાવથી બહુધા સર્વ એકજ ઈશ્વર માની વેદભગવાનની આજ્ઞાઓનું પાલન કરી એકત્ર થઈ પોતાનું સંગઠન

સાધી શકે છે. ઘણાં લોકો તો પોતાના મતનેજ સર્વ શ્રેષ્ઠ માની બીજાની નિંદા કરવા લાગે છે અને પક્ષાપક્ષમાં પડી લક્ષ્ય ભ્રષ્ટ થાય છે એટલુંજ નહિ પણ પોતાના ઈશ્વરનું પોતેજ અપમાન કરી બેસે છે, બીજાના માર્ગને હીન હલકો સમજવો એ બહુજ ખરાબીનો માર્ગ છે.

આજ સંસારમાં જે અધિક મતમતાંતર અને તેમાં પરસ્પર વિવાદ, દ્વેષ, દ્રોહ, વગેરે દેખાય છે એનું પ્રધાન કારણ લોકોની સમજણમાં અજ્ઞાનતા છે. આદ્ય સામ્પ્રદાયિક આચાર્યોના ધ્યેય ઉપર વિચાર કરે તો આ ઝગડાનું કારણ રહે નહિ. આપણા અજ્ઞાનથી અનેક ઈશ્વર માની આપણા ઈશ્વરને નાનો બનાવીએ છીએ. જેને વૈષ્ણવો શ્રી. વિષ્ણુ અથવા રામ, કૃષ્ણ કહે છે, શૈવો જેને શિવ કહે છે, શાકત જેને દુર્ગા કહે છે, ગાણપત્ય ગણેશ, સૌર સૂર્ય, વેદાન્ત બ્રહ્મ, મુસલમાન અલ્લા, ઈસાઈ અંગ્રેજીમાં ગોડ કહે છે તે એકજ પરમ વસ્તુ પરમ લક્ષ્ય છે તેને પ્રાપ્ત કરવા અનેક ભિન્ન ભિન્ન માર્ગ છે. જો દરેક મનુષ્ય પોત પોતાના ઈશ્વરને અલગ અલગ માને તો ઈશ્વર અનેક થઈ જાય છે અને ઈશ્વરની મર્યાદા માપવાળી થઈ જાય છે. દેશકાળ, પ્રકૃતિ રૂચિ અને અધિકાર આદિ ભેદોથી મતોમાં વ્યવહારમાં તથા ઉપાસના પદ્ધતિમાં ભેદ હોય એમાં કાંઈ આશ્ચર્ય નથી અને તે રીતે ભેદ રહે. ભેદમાં આનંદ પણ છે. એક પ્રકારના ભોજન કરતાં અનેક પ્રકારનાં ભોજન વધારે આનંદ આપે છે, એકને એક સાંભળીએ તો કંટાળો આવે, જુદા જુદા રાગો આનંદ આપે, ભેદ એ તો અદ્દભુત વસ્તુ છે. એક મા બાપના છોકરાઓના ચહેરા જુદા, અવાજ જુદા, બુદ્ધિ જુદી, ગોળ, સાકર, ખાંડ, મધ વગેરે મીઠાં ખરાં પરંતુ બધાની મીઠાશ જુદી જુદી આ બધા ભેદો દૂર કરવા અશકય કામ ઉપાડીયે તેના કરતાં તેનું સાત્વિક જ્ઞાન પ્રાપ્ત કરી અનેકમાં એક તત્વનું દર્શન કરવું જોઇએ. અનેકમાં એક તત્વ જોઇશું તોજ આપણા બધા ઝગડા મટી જશે. સર્વ મતો પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે ચાલતાં રહે પણ એક વિવેક સર્વમાં સદા જાગ્રત રહેવો જોઈએ કે આપણે સર્વ ભિન્ન ભિન્ન સાધનોથી એક પરમ સાધ્ય તરફજ ચાલીએ છીએ. જયાંસુધી આવી સમજણ આવતી નથી ત્યાં સુધી ઝઘડા, દ્વેષ, દ્રોહ અને વિષાદ છે. અનેક નામ રૂપથી પૂજાય છે છતાં પરમાત્મા એકજ છે એ જ્ઞાન જયારે બરાબર સમજાય છે ત્યારે સર્વ ઝઘડા આપોઆપ બંધ થઇ જાય છે. ધાર્મિક જગતમાં સર્વ લોકો કેવળ બહારની વાતો ઉપર રૂઢ થઈ તેને

તત્વ સમજી બેસે છે અને આથી કરી તત્વજ્ઞાન રહિત પૂજા સર્વવ્યાપી ઈશ્વરની ન થતાં સીમાબદ્ધ થોડા સ્થળમાં રહેલ ઈશ્વરની થશે. બીજાઓ જેને ઈશ્વર કહે છે તે પણ આપણા ઈશ્વરનું સ્વરૂપ છે. કારણ કે ભક્તોની ભાવના પ્રમાણે પરમાત્મા અનેકરૂપે બની જાય છે; એ વાત ભૂલીને આપણે તો અહંકાર, બલ, દર્પ, કામ, ક્રોધાદિનો આશ્રય લઈ સર્વ ભૂતસ્થિત પરમાત્માનો દ્વેષ કરવા લાગીએ છીએ; અને તેથીજ આપણે સાચા સુખથી દૂર રહી વારંવાર દુઃખ દાવાનળમાં પડીને રીબાઇએ છીએ, અને મૃત્યુના મુખમાં ફસાઇએ છીએ.

અન્તમાં સર્વ સંપ્રદાયના ધ્યેયરૂપ તત્વને સમજવું કે સર્વની અંદર એકજ પરમાત્મા છે, સર્વ જગત તેનાથીજ ઉત્પન્ન થયેલ છે અને સર્વ તેના તરફજ જવા યત્ન કરી રહેલ છે, અને સર્વ અનેકતામાં એકતાનો અનુભવ કરવો એજ સનાતન ધર્મનું ધ્યેય છે. જેમ જેમ મનુષ્યને વિશ્વનિયંતાની અનહદ શકિતનું ભાન થતું જશે તેમ તેમ તે તેની વધારેને વધારે નજીક જતો જશે અને છેવટે તેમાંજ વિલીન થઈ જશે અને એજ સ્થિતિને શાસ્ત્રીય ભાષામાં બ્રહ્મપ્રાપ્તિ કહી શકાય.

શાન્તિ શાન્તિ શાન્તિઃ ॥

---

## સાતમો દિવસ

# વિષયઃ—સનાતનીઓનું સંગઠન અને તેના ઉપાયો

પ્રમુખ સ્થાનેઃ—**શાસ્ત્રીજી શ્રી. ગીરિજાશંકરભાઇ** [પ્રધાનાધ્યાપક) રાયપુર સંસ્કૃત પાઠશાળા

વક્તાઃ—**શ્રી. નારાયણજી પુરૂષોતમ સાંગાણીજી**

ઉપ પ્રમુખ—[અ. ભા. વ. સ્વરાજ્ય સંઘ] **કાશી**

પરમ પૂજ્ય પવિત્ર મહાત્મા, વિદ્વદ્વૃન્દ, વડિલ વર્ગ, બંધુઓ તેમજ બહેનો!

આજનો દિવસ સપ્તાહમાં અત્યંત અગત્યનો છે કારણ કે આજનો વિષય હાલની ભારત વર્ષની પરિસ્થિતિ ઉપર વિચાર કરી તેના ઉપાયો શું કરવા કે જેથી સનાતની પ્રજા સંગઠન સાધી શકે તે વિચારવાનો છે. તદ્ઉપરાંત આજના વકતા અખિલ ભારત વર્ષની રાજકીય તેમજ ધાર્મિક પરિસ્થિતિના જાણકાર છેકે જેથી આજના વિષયઉપર પૂર્ણ પ્રકાશ પાડી શકશે.

# શ્રી સનાતનીઓનું સંગઠન અને તેના ઉપાયો—(વ્યાખ્યાન) નો સાર

પ્રિય શ્રોતૃ વૃન્દ !—જગતમાં જો કોઇ ધર્મ અને સંસ્કૃતિ કહેવરાવવાને લાયક હોય તો એક માત્ર સનાતન ધર્મ અને હિંદુ સંસ્કૃતિજ છે કે જે ધર્મ ઇશ્વર કૃત હોય તેના સિદ્ધાંતો અચળ અટલ અને પ્રાણિમાત્રનું સુખ અભ્યુદય અને મોક્ષ ઇચ્છનારા છે. જગન્નિયંતા પરમાત્માએ હિંદુઓના અભ્યુદય અને મોક્ષને માટે વેદશાસ્ત્રાદિ બનાવી વર્ણ તથા આશ્રમ ધર્મની વ્યવસ્થા કરેલી છે કે જેના અવલંબનથી વિધર્મીઓના લાખો આક્રમણો સફળ થઇ શકતાં નથી.

વર્ણાશ્રમ પદ્ધતિમાં એ જગન્નિયંતા પ્રભુએ એટલી શ્રેષ્ઠતા મૂકી છે કે જો ચાતુર્વર્ણ્ય પ્રજા તદનુસાર વર્તે તો આ લોકની સર્વ સંપત્તિ પ્રાપ્ત કરી પર બ્રહ્મ પરમાત્માને પામી શકે છે.

અત્યારે ભારતવર્ષમાં ચાર વર્ણ ઉપરાંત જે અનેક જાતિઓ હિન્દુ પ્રજામાં દષ્ટિ ગોચર થાય છે, તેનું કારણ એ છે કે શાસ્ત્રે મનાઇ કરવી છતાં જે સ્વચ્છંદી લોકોએ સ્વેચ્છાચારને વશ થઇ અનુલોમ તથા પ્રતિલોમ લગ્ન કર્યાં તેથીજ અનેક જાતિઓ થયેલી છે. અંત્યંજ આદિ અસ્પૃશ્યો એ શૂદ્ર પુરૂષના બ્રાહ્મણી સાથેના પ્રતિલોમ લગ્નનું તથા સગોત્ર વિવાહનો પરિણામ છે.

હિંદુ સંસ્કૃતિ અને ધર્મની આગળ ઇતર દેશની સંસ્કૃતિ કશી વિસાતમાં નથી. આ સર્વોપરિ હિંદુ સંસ્કૃતિનો આદર્શ એટલો અદ્દભુત અદ્વિતીય અપ્રતિમ અને અનુપમ છે કે તેની તુલનામાં બીજી સંસ્કૃતિ ક્ષણભર ટકી શકે એમ નથી. ઇતિહાસ જોતાં તો સાફ જણાય છે કે, જ્યારે હિંદુ સંસ્કૃતિ અને સનાતન ધર્મ ઉન્નતિના શિખરે પહોંચેલાં હતાં ત્યારે યવન મ્લેચ્છ દેશના લોકો તદ્દન જંગલી અવસ્થામાં હતા, હાલ તેવા દેશોનું ભારત વર્ષની ઊંધી ખોપરીના મનુષ્યો અનુકરણ કરી બાપદાદાનો અમુલ્ય વારસો વેદશાસ્ત્ર પુરાણો પર નાના કુતર્ક શંકાઓ કરી ઉલ્કાપાત મચાવી રહ્યા છે.

જ્યારે જર્મની અને પાશ્ચાત્ય દેશના તત્વજ્ઞાનીઓ આપણા સનાતન ધર્મનું ઉચ્ચતમ તત્વજ્ઞાન અને વર્ણવ્યવસ્થા જોઇ મુગ્ધ થઇ જાય છે અને મુકત કંઠે પ્રશંસા કરી સંસ્કૃત ભાષાનું

શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મહાભારતનું યોગસૂત્રોનું તથા ઉપનિષદોનું જ્ઞાન ખંતથી મેળવી વિજ્ઞાનનું સંશોધન કરી વિકાસ કરી રહ્યા છે, ત્યારે હાલમાં હિંદમાં નામધારી સુધારકો સ્વરાજ્ય, સુધારા, હક્ક, પ્રગતિ તથા શુદ્ધિ, સંગઠનના નામે ઉલ્કાપાત મચાવી અસ્પૃશ્યતા નિવારણ, અત્યંજ મંદિર પ્રવેશ, છૂટાછેડા, વર્ણાન્તર લગ્ન, ભંગી ચમારોને પ્રણવ મંત્રની દીક્ષા, જાતપાત તોડક પ્રવૃત્તિ, વિધવા વિવાહ, નવાં શાસ્ત્ર રચવાની તથા શાસ્ત્રો અને મૂર્તિઓને આગ લગાડવાની અધમાધમ ભયાનક પ્રવૃત્તિ લઈ બેઠા છે.

અહીં સ્વાભાવિક રીતેજ લોકોને જાણવાની જીજ્ઞાસા થશે કે જ્યારે સનાતનધર્મ, આર્ય સંસ્કૃતિ, હિંદુ સભ્યતા, વર્ણાશ્રમ ધર્મ, વેદશાસ્ત્ર પુરાણો તથા હિંદુ જાતિના આદર્શો સર્વોત્કૃષ્ટ છે, પ્રણાલિકા પ્રથા રીતિ-નીતિ માન્યતા શ્રેયસ અને પ્રેયસ અર્પનારી છે, અને તેનાજ પ્રતાપથી જો હિંદુઓ પૃથ્વીપર સ્વર્ગીય સુખ ભોગવતા હતા તો અત્યારે આવી અંતિમ સીમાની અધોગતિ કેમ અનુભવાય છે?

હવે આપણે વિચાર કરીશું કે સનાતન ધર્મ અને હિંદુ સંસ્કૃતિ તથા વર્ણાશ્રમ ધર્મ ઉપર કોણ કોણ શા શા પ્રહારો કરી રહેલ છે અને અત્યારની ભારતવર્ષની પરિસ્થિતિ શી ઉત્પન્ન થઇ છે.

આપણા નામધારક સુધારક હિંદુ સભ્યો આપણને સ્વરાજ્ય અપાવવાની, કરો ઓછા કરવાની, ગોરક્ષા, ધર્મરક્ષા કરવાના વચનો આપી આપણા મતો પ્રાપ્ત કરી–ધારાસભામાં, લોકલબોર્ડમાં, મ્યુનિ-સિપાલિટીમાં ઉચ્ચપદે બિરાજમાન થયા છે તેઓ અત્યારે વચનોના ભંગ કરી ધર્મધ્વંસક બીલો પસાર કરી રહ્યા છે.

હિંદુસ્તાનની સુધારક દુઃખ ભંજકના દેખાવવાળી નામાંકિત સંસ્થાઓ જુદા જુદા બ્હાના કાઢી હિંદુ પાસેથી લાખો અને કરોડોનાં ફંડો ઉઘરાવી તેજ ફંડ વડે તેઓ વધારે ઉન્મત્ત તથા બળવત્તર બની સનાતન ધર્મ અને સનાતની હિંદુઓનોજ નાશ કરવા પ્રયત્ન કરે છે

હિંદુઓના દ્રવ્યની સહાયથી જાહેરખબરથી કે ગ્રાહકો બની ઉત્તેજન આપવાના પરિણામે કેટલાક પેટભરાં પેપરો નભી રહ્યાં છે. તેઓ અત્યારે અહર્નિશ સ્વાર્થ સાધવા ધર્મવિધ્વંસક સંસ્થાઓનાં પ્રિય બની ધર્મવિધ્વંસક વિચારો ફેલાવી સનાતન ધર્મ તથા હિંદુજાતિનું અપમાન કરી લોકોનાં હૃદય કલુષિત અને વિકારી બનાવી રહ્યાં છે.

કોંગ્રેસ તે શુદ્ધ રાજદ્વારી સંસ્થા હોઈ રાજકીય લડત લડવા માટે જ સ્થાપન થયેલી છે અને તેમાં હિંદુસ્તાનમાં વસતી દરેક જાતિ અને

ધર્મની પ્રજા સામેલ છે. આથી કરી તે સંસ્થાને કોઈ એક જાતિધર્મના પ્રશ્નો ચર્ચવાનો જરાપણ અધિકાર નથી છતાં હમણાં તે પોતાનું ધ્યેય તદ્દન ચૂકી હિંદુ ધર્મધ્વંસક કાયદા બનાવરાવી હિંદુ જાતિ ધર્મની જડ ઉખેડવા પ્રચંડ પ્રચાર કરી રહી છે.

હિંદુઓના હિંદુત્વના તથા ધર્મના રક્ષણાર્થે શારીરિક બળ પ્રાપ્ત કરવા તથા પરસ્પર સંગઠિત કરવાના સિદ્ધાંત ઉપર સ્થપાયેલ હિંદુ મહાસભા તે અત્યારે પોતાના સિદ્ધાંતોને શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિમાં જોડી ધર્મઉચ્છેદક કાર્ય કરી માંહોમાહે વિગઠન કરી રહી છે.

આગાખાન, હસનનિઝામી, તથા અન્ય કેટલાક મુસલમાની રાજ્યો હિન્દુઓને કેમ વટલાવી મુસલમાન બનાવવા તેની યુકિત પ્રયુકિત કરી રહ્યા છે; તથા કેટલાક મુસલમાનો હુલ્લડ જગાડી ખુલ્લી રીતે ગાયોવધ, મૂર્તિખંડન, સ્ત્રી અપહરણ, કેટલાક મંદિરના કાર્યો બંધ કરવા પૂર્ણ પુરૂષાર્થ કરી આખી દુનિયાને મુસલમાન બનાવવા પાનઈસ્લામીક ચળવળને આગળ વધારી રહ્યા છે.

આંબેડકરના અનુયાયી કેટલાક અંત્યજો મનુસ્મૃતિ વગેરે પવિત્ર ધર્મશાસ્ત્રોને તથા દેવમૂર્તિઓને જાહેર સભાઓમાં આગ લગાડી હિંદુ જાતિ ધર્મનું ઘોર અપમાન કરી રહ્યા છે.

આર્ય સમાજીઓ બ્રહ્મસમાજીઓ તથા પ્રાર્થના સમાજીઓ અત્યારની અનુકૂળતાનો લાભ લઈ વર્ણાન્તર લગ્ન, પ્રીતિભોજન, અસ્પૃશ્યતા નિવારણની ચળવળ ખુબ જોરશોરથી ચલાવી હિંદુત્વને વિદારી રહ્યા છે.

હિંદુ નરેશોને હિંદુઓ લોકપાળોનો અંશ માની રાજા તરીકે સન્માને છે પણ તેઓ પોતાને પ્રગતિમાન લેખાવવા આંધળુ અનુકરણ કરી હિંદુધર્મ વિધ્વંસક કાયદાઓ પસાર કરવામાં પોતાની રાજ્યસત્તાનો ઉપયોગ કરી રહેલ છે.

ખ્રિસ્તી પાદરીઓ કરોડો રૂપિયાના ફંડો લાવી હિંદમાં ઠામ ઠામ મુક્તિફોજનાં થાણાં નાખી ટ્રેકટપત્ર પત્રિકાઓથી, સ્કુલો, હાઇસ્કુલો તથા કોલેજોના શિક્ષણથી આર્થિક, મદદથી તથા દવાખાનાઓમાં હોશિયાર ડોકટરો રોકી મફત સારવારથી લલચાવી હિંદુઓને વટલાવી ખ્રિસ્તી બનાવી રહ્યા છે.

હાલમાં યુનિવર્સિટીની સેનેટમાં કેટલાક સુધારક સેનેટરોએ ધર્મ-વિરોધી લખાણોની તથા ધર્મવિરોધી વ્યકિતઓના જીવન ચરિત્રોવાળી ટેક્સ્ટબુકો દાખલ કરાવી જાતિ ધર્મની હત્યા કરવા માંડી છે.

કાશીમાં ઋષિમુનિઓના પ્રાચીન આશ્રમોની પદ્ધતિએ સનાતન ધર્મનું શિક્ષણ તથા સાથમાં વ્યવહારોપયોગી જ્ઞાન આપવામાં આવશે એવી પ્રતિજ્ઞાઓ કરી સનાતનીઓના દ્રવ્યથી સ્થપાયેલી હિંદુ યુનિવર્સિટીને અત્યારે તેનાં કાર્યવાહકોએ પ્રતિજ્ઞાઓનો ભંગ કરી લાક્ષાગ્રહ બનાવી અસ્પૃશ્યતા નિવારણ, અંત્યજ મંદિર પ્રવેશ, ચમાર ભંગીને પ્રણવમંત્રની દીક્ષા અને નવાં શાસ્ત્ર રચવાની હિમાયત આરંભી સનાતન ધર્મને અગ્નિદાહ દેવા માંડેલો છે.

આજલગી સરકાર ધાર્મિક વિષયમાં તટસ્થતા જાળવવાની વલણ રાખતી તેમણે પણ હમણા સ્કુલોમાં કુવામાં, નોકરીમાં અંત્યજ કોમને દાખલ કરવા ભારપૂર્વક સરક્યુલરો કાઢી ચાલુ સંરક્ષક પ્રથાઓને વિદારવા જાહેર કર્યું છે.

સને ૧૯૩૫ ના નવા રાજ્ય બંધારણમાં રાણી વિકટોરીયાની ૧૮૫૮ ની જાહેર પ્રતિજ્ઞાનો લોપ કરી, મુસલમાનોની બેહુદી માગણીઓ સ્વીકારી હિંદુઓના ભોગે સર્વત્ર બહુમતિ આપનારા કોમી ચૂકાદો મી૦ ગાંધીની સામેલગિરીથી આપેલો છે. તદુપરાંત પુના પેકટને સરકારે વજ્રલેપ બનાવી હિંદુજાતિ ધર્મની અત્યંત વિષમ સ્થિતિ કરી મૂકેલી છે.

દેશમાં હમણાં કેટલેક સ્થળે યુવકસંઘો સ્થપાયા છે કે જેના ધ્યેયો માબાપનું કે શાસ્ત્રોનું ન માનવું પણ પોતાનું અંતઃકરણ કહે તેજ કરવું તેવા છે. મા, બાપ, શાસ્ત્રો, ગુરૂ કે જ્ઞાતિ વર્ણ મર્યાદાને જે ન માને તે સંઘ કે વ્યક્તિ હિન્દુ નહિ પણ વસ્તુતઃ યવન સંઘ કે યવન જ કહેવાય, એવા જ્ઞાન ભાન અનુભવ વિનાના યુવક સંઘો અત્યારે સમાજ વર્ણ માતાપિતા તથા ધર્મ સામે ક્રાંતિ-બંડ પોકારી અનર્થકારક ઉથલપાથલ મચાવી રહ્યા છે.

અધિકાંશે હિંદુસ્તાનની સુશિલ સ્ત્રીઓ તો પતિ સેવા તથા સ્ત્રી ધર્મ પાળવામાં આદરવાળી છે પણ કેટલીક પાશ્ચાત્ય વાતાવરણની ભોગ બનેલી યુવતીઓ પોતાની ટોળીઓને કોન્ફરન્સનું રૂપ આપી અખિલ ભારતની સ્ત્રીઓની પ્રતિનિધિ હોવાનો ખોટો આડંબર કરી છૂટા છેડા, શારડા એક્ટ, વર્ણાન્તર લગ્ન તથા સ્ત્રીઓના સમાન હક્કની હિમાયત કરે છે, અને તેને સરકાર તથા છાપાવાળાઓ મહત્તા આપે છે.

થીયોસોફીકલ સોસાયટી કે જે શરૂ શરૂમાં હિંદુ ધર્મની મહત્તા ગાઈ સર્વ ધર્મને માન આપવાની વાતો કરી સ્થપાયેલી તે અત્યારે

ખુલ્લી રીતે હિંદુ જાતિ ધર્મની મર્યાદાનો ઉચ્છેદ થાય એવું કાર્ય કરી રહી છે.

હિંદુસ્થાનમાં કુલ ૩૦ લાખ ઢેડ ભંગી ચમારાદિ અસ્પૃશ્ય અત્યંજોની સંખ્યા છે તેને સાત કરોડની સંખ્યા બતાવી તેઓના ઉદ્ધારાર્થે હરિજનસેવાસંઘ સ્થાપવાની યોજના કરી કરોડો રૂપીયાનાં ફંડો ઉઘરાવી તેનો ઉપયોગ ધર્મનાશ માટેજ કરવામાં આવે છે.

હિંદુસ્થાનમાં સાત લાખ ગામડાઓ કે જે હજુ સુધી વિનાશક પ્રતારણાથી મુકત છે તેઓના ગ્રામ્ય ઉદ્ધારને નામે રહ્યા સહ્યા દેશી ધંધા, ખેતીવાડી વેપાર સદાચાર ઐકય કે ધર્મ હશે તેનો પણ ભ્રષ્ટો નાશ કરશે.

ભારતના કેટલાક સુધારકંમન્યો સમાજવાદની પિશાચી પ્રવૃત્તિનો પ્રચાર કરી રહ્યા છે અને તેઓના મુખ્ય સૂત્રો–ઈશ્વર વહેમ છે, ધર્મ ધતીંગ છે, ધર્મ શાસ્ત્રો ઉદર નિર્વાહનાં સાધનો છે, ધર્મ ગુરૂઓ વેપારીઓ છે, ધર્મ સ્થાનો બીન ઉપયોગી સ્થળો છે, માટે તે સર્વને માનવા જોઇએ નહિ; રાજા, શાહીવાદ, મૂડીવાદ, જમીનદાર, ઉચ્ચનીચનો ભેદ તથા પોતાની પારકી સ્રીની અભેદની માન્યતા અને લગ્ન પ્રથાનો ઉચ્છેદ–વગેરે છે.

ઉપરોક્ત, પરિસ્થિતિમાં હિંદુ જાતિએ પોતાના ઉદ્ધાર અને સંગઠ્ઠન માટે કંઇ ઉપાયો યોજવા જોઇએ તો હવે શું કરવું તે વિચારીએઃ–

વ્યાસ, વસિષ્ઠ, વાલ્મીકિ, ભૃગુ, ભરદ્વાજ વગેરેના ઋષ્યાશ્રમોમાં જેમ દ્વિજ બાળકો અસ્ખલિત બ્રહ્મચર્ય પાળી વેદાભ્યાસ કરતા તેમ વેદવિદ્યા સાથે સંસાર વ્યવહાર ઉપયોગી સર્વ આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરવા અર્થે સનાતન ધર્મ વિશ્વવિદ્યાલય સ્થાપવાની યોજના કરવી. તે સ્થાન એકાંતમાં પૂર્ણ વિસ્તારમાં રાખવું ત્યાં વેદ, ધર્મશાસ્ત્ર ગીર્વાણ ભાષાનું જ્ઞાન, ષટ્કર્મ જ્ઞાન, વ્યાયામ, વર્ણાનુસાર ધંધો, વનસ્પતિ શાસ્ત્ર, ભૂગર્ભવિદ્યા, ખગોળ વિદ્યા, રાજનીતિ તથા અર્થ શાસ્ત્ર વગેરે વિદ્યા પ્રયોગ સાથે શિખવવા પ્રબંધ કરવો. તેમાં જેઓ કટ્ટર સનાતની સદાચારી, ચારિત્ર્યવાન, નિઃસ્વાર્થી, વયોવૃદ્ધ, અનુભવી બહુશ્રુત વિદ્વાન, વિદ્યાર્થીઓને ભણાવવામાં ખંતીલા, હિંદુ તરીકેનાં–સનાતની તરીકેનાં ચિન્હો રાખી ધર્મને અનુરૂપ સાદો પોષાક ધારણ કરનાર તથા પ્રતિદિન

ષટ્કર્મ કરનાર બ્રાહ્મણોને નિયુકત કરવા. કારણ કે સંચાલન પરજ સંસ્થાની સફળતા નિષ્ફળતાનો આધાર છે.

વિદ્યાલયની વ્યવસ્થા સારૂ કટ્ટર સનાતની આચાર્યો, વિદ્વાનો, શ્રીમાનો તથા કાર્યકર્તાની એક વ્યવસ્થાપક કમીટી નીમવી. વિશ્વવિદ્યાલયમાં મુખ્ય ભાષા સંસ્કૃત રહેવી જોઈએ અને સાથે ગુજરાતી હિંદી, મરાઠી, બંગાલી, અંગ્રેજી, વગેરે ભાષાઓનું આવશ્યકજ્ઞાન આપવું. વિદ્યાર્થીઓના હૃદયમાં આદર્શ દાખલ કરવા વિદ્યાલયમાં દેવતા, ઋષિયો, સ્વધર્મ રક્ષક વીરો, સ્વધર્મ દેશપાળક રાજાઓ, સ્વકર્તવ્ય રક્ષક વૈશ્યો, તીર્થ સ્થાનો, મંદિરો વગેરેના તૈલ ચિત્રો મુકવાં તથા ધાર્મિક જયંતીઓ, તહેવારો વગેરે મનાવી તે દિવસે સભાઓ ભરી તેનું રહસ્ય સમજાવવું.

પ્રત્યેક લોકલબોર્ડમાં શહેરની મ્યુનિસિપાલિટીમાં તથા પ્રાંતિક અને દેશની નાની મોટી ધારાસભામાં આપણા કટ્ટર સનાતની સભ્યો મોકલવા કે જેથી ત્યાં થતાં ધર્મનાશ તથા દેશદ્રોહનાં કાર્યો અટકે. જયાંસુધી ધર્માગ્રહી ગૃહસ્થો આ સ્થાનોમાં જતા હતા ત્યાંસુધી ધર્મ અને દેશ વિરૂદ્ધના કાર્યો થતાં અટકતાં હતાં પણ જ્યારથી કાયરતા સેવી સ્વાર્થ પરાયણતામાંજ રચ્યાપચ્યા રહેવા લાગ્યા ત્યારથી આ ભયાનક પરિસ્થિતિ ઉભી થઇ છે.

ભારતવર્ષના દરેક પ્રાંતમાં તે પ્રાંતની ભાષામાં વધારે નહિ તો એકએક સનાતની દૈનિક, અઠવાડીક, માસિક પત્ર કાઢવાનો પ્રબંધ થવો જોઈએ કે જેથી તે પ્રાંતના લોકોના ઘેર ઘેર આપણો અવાજ પહોંચી શકે, પાખંડીઓના પાખંડવાદનું ખંડન થઈ શકે, સનાતન ધર્મ અને હિંદુ સંસ્કૃતિની ઉજ્જવળ મર્યાદા તથા સિદ્ધાંતોનું રહસ્ય નિત્ય લોકોના હૃદયમાં રેડી તેની મહત્તા ઠસાવી શકાય તેમજ પોતાના હક્કો અને અધિકારોના રક્ષણાર્થે હિંદુઓને જાગૃત અને સંગઠિત કરી શકાય.

સનાતન ધર્મ અને વર્ણાશ્રમનું વિશુદ્ધ સ્વરૂપ સમજાવવા માટે પ્રખર સનાતની ઉપદેશકો રોકવા જોઇએ, અને તેઓ પ્રત્યેક પ્રાંતમાં ગામો ગામમાં ઘુમીને સનાતન ધર્મ સભાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, ધર્મવીર દળો, સનાતની ધર્મ પુસ્તકાલયોની સ્થાપનાઓ કરાવે તેમજ ધર્મદ્રોહીઓએ ફેલાવેલ કુતર્કો, શંકાઓ તથા કુવિચારોને શંકા સમાધાનથી, શાસ્ત્રાર્થથી, વ્યાખ્યાનથી નિવારી શકે, અને સનાતન ધર્મથી વિમુખ થનારાઓને સનાતન ધર્મના મોક્ષદાયી સિદ્ધાંતો સમજાવી વિધર્મી વિદેશીઓના કે નાસ્તિક વાદીઓના ભોગ થતા અટકાવી શકાય.

પ્રત્યેક ગામમાં સનાતન ધર્મસભા સ્થાપવી જોઇએ, અને તે સભામાં પખવાડીએ કે અઠવાડીએ ધાર્મિક પરિસ્થિતિ વિષે વ્યાખ્યાનો થાય અને તેમાં સનાતન ધર્મનું સ્વરૂપ સમજાવે. જ્યારે જ્યારે ધારાસભા દેશી રાજ્યો કે મ્યુનિસિપાલિટીઓમાં ધર્મ વિરોધી બીલો દાખલ થાય ત્યારે તેની સામે પ્રતિરોધ કરવાનો ઠરાવ, તાર કે મેમોરીયલ મોકલવું. એથી ધર્મરક્ષાનું અત્યુપયોગી કાર્ય થશે.

હિંદઓએ પોતાના ઉદ્ધાર માટે ગામે ગામ સંસ્કૃત પાઠશાળાઓ ખોલવી જોઇએ. કારણકે સંસ્કૃત ભાષા એ ગીર્વાણ કિંવા દેવ ભાષા છે, અને તે ભાષા ઈશ્વરકૃત હોઈ તેમાં કોઇ પ્રકારના હ્સ્વદીર્ઘનો પણ ફેરફાર થઈ શકતો નથી, તે સર્વ ભાષાઓની માતૃભાષા-ઉત્પત્તિસ્થાન હોવાથી આપણા સર્વ ધાર્મિક ગ્રંથો તથા સંસ્કૃતિઓનું મૂળ સ્થાન છે. આ ભાષાની આવી સર્વાંગ સંપૂર્ણતા તથા ઉત્કૃષ્ટતાના કારણેજ તેનું નામ સંસ્કૃત પડેલું છે. હિંદુઓ જે એક વખત વીર સાહસિક અને હિંમતવાન હતા તે અત્યારે બાયલા અને નાહિંમત બની મુડદા સમાન જીવી રહ્યા છે, માટે હવે હિંદુઓએ સાવધ થઈ માતાઓ તથા બ્હેનોની આબરૂ, માલમીલ્કત અને મંદિરોની મૂર્તિઓના રક્ષણાર્થે ગામોગામ ધર્મવીર દળની સ્થાપના કરવી અને દળમાં સ્પૃશ્ય વર્ગના હિંદુઓને જોડવા અને તેઓને લાકડી-કુસ્તી વગેરેથી માહિતગાર બનાવવા કે જેથી નીતિભ્રષ્ટ ગુંડાઓની અનીતિ સામે ખબર પડતાંજ એકત્ર થઈ જાતિ ધર્મની રક્ષા કરી શકે.

પ્રજાના હૃદયમાં ધર્મનું તત્વ રેડવાને માટે ગામેગામ દેવમંદિરમાં સનાતન ધર્મ સભા કે સંસ્કૃત પાઠશાળાના સ્થાનમાં માત્ર સનાતન ધર્મના ગ્રંથોનું તથા કટ્ટર સનાતની પત્રોનુંજ પુસ્તકાલય સ્થાપવાની આવશ્યકતા છે. પુસ્તકો કે જે વાંચવાથી વાંચનાર લોકોનો વિનિપાત થાય, ધર્મ જાતિની મર્યાદા ઉપર ઘૃણા ઉપજે એવા ભાવવાળાં ધર્મદ્રોહી નાસ્તિકોનાં લખેલાં પુસ્તકોનો સંગ્રહ કરવો નહિ.

હિંદુઓના ચાર વર્ણ છે અને તે વર્ણને સુદૃઢ રાખવા માટે આપણા વડીલોએ બહુજ દીર્ઘદૃષ્ટિ વાપરી પ્રત્યેક વર્ણમાંથી જ્ઞાતિઓના વિભાગો કરી તેનાં બંધારણો બાંધેલાં છે. અંગ્રેજ રાજ્ય જેમ હિંદમાં પ્રાન્ત અને તાલુકા પાડી પોતાનો વહિવટ કરે છે તથા વ્યવસ્થા જાળવે છે, જૂદી જૂદી વ્યાપારી સંસ્થાઓ જેમ પોત પોતાની એસોસીએશનો મંડળો, સોસાયટીઓ કે કલબો સ્થાપી પોતાનું હિત રક્ષણ કરે છે તેમ હિંદુઓ

પોતાની જ્ઞાતિઓ દ્વારા પોતાનું તથા પોતાની જાતિ ધર્મનું હિત સંભાળે છે. જ્ઞાતિઓનાં બંધારણોને લઈનેજ સ્વચ્છંદીઓ અભક્ષ્ય ભક્ષણ, અપેયમાન, વિધવા વિવાહ, વર્ણાન્તર લગ્ન કે એવાજ બીજા અનાચાર કરવાની છૂટ લઈ શકતા નથી અને કદાચ કોઇ માથાફરેલ થાય છે તો જ્ઞાતિ તુરતજ તેનો બહિષ્કાર કરી મતિ ઠેકાણે લાવે છે. જ્ઞાતિઓના બંધારણ અત્યંત મજબૂત હોવા છતાં હમણાં જ્ઞાતિઓના આગેવાનોની શિથિલતા, જ્ઞાતિ જનોની લથડતી ચિંતાજનક સ્થિતિ, સરકાર દરબારની ડખલગીરી, દેશનેતાઓની ઉશ્કેરણી, યુવકોનું ઉદ્ધતપણું અને સ્વાર્થી મૂઢોના કન્યા તથા વરવિક્રય વગેરે કારણે જ્ઞાતિઓ જડ જેવી ચેતનહીન તથા કર્તવ્યશૂન્ય બની બેઠી છે. જો જ્ઞાતિઓનું અસ્તિત્વ નહિ રહે તો વર્ણાશ્રમ, હિંદુજાતિ, સનાતન ધર્મ તથા હિંદુ સંસ્કૃતિ પણ નહિ રહે. કારણ કે વર્ણાશ્રમધર્મ અને વૈદિક મર્યાદાનું અભેદ્ય કિલ્લા તરીકે રક્ષણ કરનાર આ આપણી જ્ઞાતિઓ જ છે માટે હતાશ ન થતાં જ્ઞાતિઓની પ્રાચીન મર્યાદાનું હિંમતથી દૃઢતાપૂર્વક જ્ઞાતિજનોએ રક્ષણ કરવું જોઇએ.

હિંદુઓના માથે બળાત્કારે લદાયલા કોમી ચુકાદા તથા પુના પેકટને હિંદુઓએ કોઈ પણ અવસ્થામાં સ્વીકારવા તૈયાર થવુંજ નહિ પણ પોતાનામાં ઇશ્વરે જેટલી શક્તિ મૂકેલી હોય તેટલીનો ઉપયોગ કરી તેને રદ કરાવી તેની જગ્યાએ પોતાને માફક આવે એવી ન્યાયી વ્યવસ્થા કરાવવી જોઈએ. કોમી ચુકાદો જો કાયમ રહેશે તો હિંદુઓ પર મુસલમાનોનો ત્રાસ પ્રવર્તશે અને પુના પેકટ કાયમ રહેશે તો સર્વત્ર ઢેડ ભંગીઓ આગેવાન બની સનાતન ધર્મ અને હિંદુ સંસ્કૃતિ ઉપર કુહાડા મારી છેદશે માટે તે બન્નેને રદ કરાવ્યે જંપવાનું છે.

દાન, ભોગ અને નાશ એ ત્રણ ધનની ગતિ છે એવી માન્યતાથી હજારો ધર્મનિષ્ઠ હિંદુઓએ લાખો રૂપિયાની સખાવતો કરી છે અને કરે છે. સનાતનીયોની મૂખ્ય ફરજ છે કે તેઓએ ધર્મ વિરૂદ્ધ પ્રવૃત્તિમાં તો કદિ એક પૈસાની પણ મદદ આપવી જ નહિ પણ નિશ્ચય સાથે પ્રતિજ્ઞા લેવાની પણ આવશ્યકતા છે કે સત્કાર્ય–પુણ્યકાર્યમાં જે કાંઈ દ્રવ્ય ખર્ચવું તે કાં તો પોતાના હાથે અથવા કટ્ટર સનાતની પ્રતિષ્ઠિત ગૃહસ્થોને ખર્ચવાનું સુપ્રત કરવું. પોતે જે ટ્રસ્ટ કરવું તેમાં કડકમાં કડક શરતો કરવી. તે શરતોનું બરાબર પરિપાલન કરે એવા ધર્માત્મા

નિઃસ્વાર્થી ટ્રસ્ટીઓ નીમવા અને પોતાનું દ્રવ્ય સ્થાવર મિલ્કતોમાં રોકવું અને એવો નિયમ ઠરાવવો કે તે મિલ્કત કદિ કોઇ ટ્રસ્ટીથી વેચી શકાય નહિ.

પ્રત્યેક શહેરની સનાતનધર્મ સભાના કેન્દ્રરૂપ દેશભરના સનાતનીઓની એક કેન્દ્રસ્થ સનાતન ધર્મ મહાસભા સ્થાપન કરવી અને તે સંસ્થાનો કાર્યભારનો બોજો કટ્ટર સનાતની, સદાચારી, ચારિત્રવાન્, પ્રૌઢવયના ઠરેલ વિદ્વાન, સનાતનીઓને સોંપવો જોઇએ અને તે સંસ્થામાં સભ્યના ગુણ દોષ જાણ્યા વગર ગમે તેની ભરતી કરવી નહિ, કારણ કે મોટી સંખ્યા ગણાવવાથી કદાપિ તેનું ધ્યેય પાર પડતું નથી કે વિજય થતો નથી. આપણી સનાતની સંસ્થાઓ કટ્ટરોની હોવી જોઇએ અને સિદ્ધાંત રક્ષણાર્થે પ્રાણાર્પણ કરવા તત્પર હોય તેવા કસોટીએ ચઢેલાઓની જ તેના પદાધિકારીઓ કાર્યવાહકો તરીકે નિમણૂક થવી જોઇએ તોજ તે સંસ્થા સ્થાપવી અથવા હોવી ઉપયોગી છે.

આજકાલ ભારતવર્ષમાં નોકરી ધંધા પુરતીજ ભાવનાઓ રાખી વિદ્યા ભણુવામાં આવે છે કે જેના પરિણામે વેદવિદ્યા તરફ દુર્લક્ષ સેવાય છે અને તે લોપાતી જાય છે. વેદવિદ્યા તે આપણું સર્વસ્વ છે. તેના પુનરૂદ્ધારમાંજ આપણો ઉદ્ધાર છે. માટે સનાતન ધર્મના અભિલાષી ગૃહસ્થોએ વૈદિકોને યથાશકિત સહાયતા પહોંચાડી વેદ વિદ્યાનો પ્રચાર કરવો જોઇએ.

સનાતન ધર્મના ઉદ્ધારના વિધવિધ ઉપાયો કાર્યમાં મૂકવાને માટે તથા જનતાને પોતાના સ્વરૂપ અને કર્તવ્યનું ભાન કરાવવા સારૂ સનાતની આગેવાનોનું ડેપ્યુટેશન તૈયાર કરી દેશમાં સર્વત્ર વધારે નહિ તો દર વર્ષે બે માસ ઘુમાવવું ઘટે છે.

દરેક ગામની સનાતન ધર્મ સભાએ દર વર્ષે પોતાની સભાનો વાર્ષિકોત્સવ કરવો. કેન્દ્રસ્થ સનાતન ધર્મ સભાએ અખિલ ભારતવર્ષીય સનાતન ધર્મનું અધિવેશન બોલાવવું. તે સાથે સનાતની સાહિત્ય પરિષદ્, સનાતની પત્રકારોનું સમ્મેલન તથા શાસ્ત્રાર્થ સભાઓ યોજવી. સમ્મેલનમાં માત્ર ઠરાવો પસાર કર્યે, અસરકારક ભાષણો કર્યે કે અપીલ કરી ફંડમાં નાણાં ભરાવી કૃતાર્થતા માનવાની નથી પણ તે ઠરાવોનું ગમે તે પ્રકારે બરાબર પાલન કરાવ્યેજ ખર્ચ અને પરિશ્રમની સાર્થકતા છે.

હિંદુસ્થાનમાં છપન્ન લાખ સાધુ, બાવા, અતીત, સંન્યાસી, ત્યાગી વેરાગી, મહંત, મઠાધીશ, ઉદાસીન વગેરે મહાત્માઓ છે અને હિંદુઓ

કેવળ ધર્મ ભાવનાથીજ તેઓનો સર્વ રીતે સત્કાર કરે છે. આ સર્વ મહાત્માઓએ આ ધર્મ ભ્રષ્ટ દીન હીન દશા સત્વર સમજી લઈ જેના માટે પોતે ભેખ લીધો છે તે ધર્મને સુરક્ષિત રાખવા માટે સ્વાત્માર્પણ કરવું જોઈએ પ્રારબ્ધવશાત્ ધર્મરક્ષાર્થે લડતા મૃત્યુ પ્રાપ્ત થાય તો તેઓની પાછળ કોઇ દુઃખી થનાર નથી. પૂર્વકાળમાં જ્યારે જ્યારે ધર્મ ઉપર આપત્તિ આવેલી ત્યારે સાધુ બાવા સંન્યાસીઓએ પોતાના દંડ ચીપીયા તથા ત્રિશૂળથી ધર્મ સંહારકોને ખાળેલા. માટે ધર્મ રક્ષામાંજ પોતાની રક્ષા અને પરમ ગતિ છે. ધર્મ નાશમાં પોતાનો તથા હિંદુઓનો નાશ થતો જોઈ જાણી સાધુ સંન્યાસીઓ તુરતજ ધર્મ રક્ષણાર્થે મેદાને પડે એ અત્યંત આવશ્યક છે.

વેદોક્તમંત્રનું અગાધ સામર્થ્ય છે. તેનું જો વિધિપૂર્વક અનુષ્ઠાન કરવા કે કરાવવામાં આવે તો તે ધારેલું ફળ નિપજાવી શકે છે, કારણ કે મંત્ર આધીન દેવતા છે. આવા ધર્મ સંકટના સમયે દૈવી ઉપાય પણ યોજવાની જરૂર છે. આથી કરી તપ, યોગ, ભક્તિમાં નિષ્ઠાવાળો પુરૂષ જો તે સંયમ નિયમ રાખી એકાંત સ્થળમાં અનુષ્ઠાન કરવા ચાહે અને તેનું ફળ સનાતન ધર્મ તથા હિંદુ સંસ્કૃતિની રક્ષા અને ધર્મધ્વંસીઓનો ક્ષય થાય એ રીતે અર્પવા પ્રતિજ્ઞા લેતો હોય તો તેને સર્વ સાધનોથી સગવડતા પુરી પાડવા જરાય સંકોચ કરવો નહિ.

હાલ ધર્મ અને ધર્મજ્ઞો ઉપર અત્યાર ગુજારનાર ધર્મ વિરોધીઓ બળહીન તેમજ ફંડ ફાળા માંગી ખાનાર ભિક્ષુક છે. તેઓને જો હિંદુઓ દ્રવ્યની તથા મતની સહાયતા ન આપે તો તે બીજેજ દહાડે ચેતનહીન બની જાય. માટે સર્વ સનાતન ધર્મ હિતચિંતકોએ વિચાર કરી દ્રવ્ય અને મતનો સદુપયોગ કરવો જોઈએ. તદુપરાંત આવા ધર્મના આપત્તિ કાળમાં સર્વ હિંદુઓએ શુદ્ધ થઈ સવાર સાંજ અનન્ય ભાવે એકાગ્ર વૃત્તિથી પરબ્રહ્મ પરમાત્માના ચરણમાં ધર્મ અને ધર્મીઓની રક્ષા કરવા પધારવા પ્રાર્થના કરવી જોઇએ.

ભારતવર્ષના સર્વ હિંદુ સંપ્રદાય પ્રવર્તકોએ વેદાજ્ઞા, વર્ણાશ્રમ ધર્મ, જ્ઞાન, ભક્તિ તથા સદાચારના પ્રચાર વડે સનાતન ધર્મનું રક્ષણ કરી હિંદુઓ ઉપર મહદ ઉપકાર કરેલો છે. આધુનિક સંપ્રદાયિક અનુયાયીઓ પોતાના સંપ્રદાય પ્રવર્તક મહાનુભાવોના સિદ્ધાંતો પૂર્ણ ન સમજવાથી એક બીજાને ખોટા ઠરાવવા તથા નષ્ટપ્રાય કરવા પ્રયત્ન કરે છે પણ તેમણે સમજવું જોઈએ કે સર્વ આચાર્યોએ જ્ઞાન—ભક્તિ કે કર્મનો

ઉપદેશ આપી ભગવાનનેજ ભજવું જોઈએ, તેવો ઉપદેશ આપેલો છે. આથી કરી દરેક સંપ્રદાયવાળાએ સત્વર પોતાની ખામી દૂર કરી બધાની એકવાકયતા કરી સનાતન ધર્મ વેદોક્ત મર્યાદા અને વર્ણાશ્રમની રક્ષા કરવા દત્તચિત્ત થવું જોઈએ.

યજ્ઞ યાગનો મહિમા અગાધ છે.

**अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः। यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः॥** સંપૂર્ણ પ્રાણી અન્નથી ઉત્પન્ન થાય છે અને અન્નની ઉત્પત્તિ વૃષ્ટિથી થાય છે અને વૃષ્ટિ યજ્ઞથી થાય છે અને તે યજ્ઞ કર્મોથી ઉત્પન્ન થવાવાળા છે, માટે ધર્મિષ્ઠ હિંદુઓએ સાધનના પ્રમાણમાં હોમાત્મક તથા જપાત્મક યજ્ઞો કરી એક તરફથી અમોઘ પુણ્ય સંપાદન કરવું ઘટે અને બીજી તરફથી તે તે યજ્ઞોમાં જે જે બ્રાહ્મણોનુ આચાર્ય તથા સભ્ય તરીકે વરણ થાય તેઓ પાસે પ્રતિજ્ઞા લેવરાવવી જોઈએ કે એ ભૂદેવો જ્યાં જ્યાં નિવાસ કરે કે વિચરે ત્યાં ત્યાં સનાતન ધર્મનો ઉપદેશ સદૈવ કરતા રહે અને લોકોને અધર્મ માર્ગથી બચાવતા રહે.

એક વખત પૃથ્વીપર સર્વત્ર સનાતધર્મની આણ પ્રવર્તતી હતી. સનાતન ધર્મ નિમિત્તે યદિ એક ભોગ આપવાની જરૂર પડતી તો ત્યાં હજારો આપી દેતા. દેશમાં જેટલાં મંદિરો, મઠો, ચોરાઓ, પાઠશાળાઓ તીર્થો, અન્નક્ષેત્રો, અખાડાઓ તથા સદાવ્રતો હતાં તેટલા તેના જીવતા જાગતા અંગરક્ષક યોદ્ધાઓ હતા. આજે એ બધા લોકો, સ્થાનો જીવંત છે પરંતુ સનાતન ધર્મને કોઈ ઉપયોગી થતા નથી. અત્યારે સનાતન ધર્મ ઉપર જયારે નાસ્તિક, સુધારકો તથા વિદેશી વિધર્મીઓ બેસીતમ પ્રહારો, અત્યાચારો ગુજારે છે ત્યારે લોકો તથા એ સ્થાનો વગેરે સહાય કે બચાવ કરવામાં ઉપયોગી થતાં નથી. એથી તેઓનું જીવવું શું ઉપયોગનું છે? માટે સનાતન ધર્મને જીવન અર્પી અહર્નિશ સનાતન ધર્મની સેવા કરે એવા સનાતનીઓના સેવક મંડળની ખાસ જરૂર છે, જે રીતે સ્વામિનારાયણમતના પાળા, સાધુ બ્રહ્મચારીઓ, ગોખલેની સર્વન્ટ ઓફ ઇન્ડિયા સોસાયટીના સભ્યો, રામકૃષ્ણ મીશનના સાધુઓ અને ચૈતન્ય મહા પ્રભુના ગોડીયા મઠના સાધુઓ પોત પોતાની પધ્ધતિએ કાર્ય કરે છે તે રીતે આપણે સનાતનીઓએ સનાતન ધર્મ, હિંદુ સંસ્કૃતિ, તથા વર્ણાશ્રમ ધર્મની સેવાનું વેદશાસ્ત્ર, પુરાણોની આજ્ઞાનુસાર કાર્ય કરવા " સનાતન ધર્મ સેવક મંડળ " ની સ્થાપના કરવી જોઈએ.

સનાતન ધર્મ, હિંદુ સંસ્કૃતિ તથા વર્ણાશ્રમના ઉચ્ચતમ સિદ્ધાંત અને રહસ્યમાં પ્રાણિમાત્રનો અભ્યુદય અને મોક્ષ છે, તે પ્રસ્તુત વ્યાખ્યાનમાં પ્રથમ દર્શાવ્યું, ત્યારબાદ ભારતવર્ષની હાલની પરિસ્થિતિ સપ્રમાણ રજુ કરી, અને અંતમાં તેના ઉદ્ધારને માટે સનાતની હિંદુ પ્રજાએ શું શું ઉપાયો કરવા તે દર્શાવવામાં આવ્યા તે સર્વે આપે લક્ષપૂર્વક સાંભળ્યા હશે.

એ યોજના અમલમાં મૂકાય તોજ સનાતન ધર્મ, હિંદુ સંસ્કૃતિ, વેદ શાસ્ત્રોક્ત વર્ણાશ્રમ મર્યાદા, અને હિંદુ જાતિની હયાતી દુનીયાપર રહી શકે તેમ છે. જો તમોને તમારા ઋષિમુનિયોનું અને હિંદુપણાનું અભિમાન હોય, જો તમારી નાડીમાં પૂર્વજોનું રક્ત વેહતું હોય અને જો તમે શુદ્ધ હિંદુ સંતાન હોતો દીર્ઘસૂત્રીપણું ન કરતાં એ યોજનાઓને તુરતજ આચરણમાં મુકો.

હિંદુ રાજાઓ ધનવાન ગૃહસ્થો તથા સાધનસંપન્ન આચાર્યો એ યોજનાનુસાર ધર્મરક્ષાના કાર્યનો તત્કાળ આરંભ કરી શકે છે, અને સનાતન ધર્મસભા, ધર્મવીરદળ સનાતન ધર્મના ગ્રંથોનું નાનકડુ પુસ્તકાલય તથા સંસ્કૃત પાઠશાળા સ્થાપવાનું, ધર્મદ્રોહી સુધારકોને મત કે પૈસાની મદદ ન આપવાનું અને પોતપોતાની જ્ઞાતિનાં બંધારણ સુદૃઢ બનાવવાનું કાર્ય તો ગામો ગામના ધર્મ પ્રેમી ગૃહસ્થોનું છે. માટે ધર્મનિષ્ઠ હિંદુ માત્રે કાળજી રાખી તે તે કાર્યનો તુરતજ પ્રારંભ કરી દેવો એવો અમારો સાગ્રહ અનુરોધ છે.

હિંદુ માતાપિતાએ પોતે જાતે તથા પોતાની સંતતિ માટે જે કાર્ય કરવું પરમાવશ્યક છે તે એ છે કે પોતાના બાળકો પ્રત્યે બહુજ દરકાર રાખી નાનપણથીજ પોતાના બાળકના હૃદયમાં ધર્મના સંસ્કાર નાખવા જોઇએ. બાળકના કોમળ હૃદયમાં તમે જે સંસ્કાર નાખશો તે કાયમ રહેશે અને જેવા સંસ્કાર નાખશો તેવો તે બાળક થશે.

જગન્નિયંતા શ્રી હરિ......

ઉપરોક્ત યોજનાઓને સર્વ પ્રકારે યશસ્વી સફળતા અર્પે અને ધર્મ પ્રેમી હિંદુઓને આ સાંગોપાંગ યોજના કાર્યમાં પરિણત કરવાનું બળ તથા બુદ્ધિ સત્વર પ્રેરી સનાતન ધર્મ તથા હિંદ સંસ્કૃતિના ઉદ્ધારના નિમિત્ત બનાવી કૃતાર્થ કરે એવી તેઓશ્રીના ચરણમાં અભ્યર્થના કરીને વિરમી શું. હરિઃ ૐ તત્ સત્.

ઉપરોકત વ્યાખ્યાન દ્વારા સંગઠન કરવાના ઉપાયો સૂચવી સનાતનીઓને અપીલ કરી. તે પછી વિધિ પુરસ્સર પાંચ ઠરાવો પસાર કરવામાં આવ્યા.

## ઠરાવ ૧ લો

ઠરાવ રજુ કરનાર:—**રા. રા. શાસ્ત્રી શ્રી ગિરિજાશંકરભાઇ**
**( પ્રમુખસ્થાનેથી )**

શ્રી સનાતન વ્યાખ્યાન સપ્તાહ (અમદાવાદ) ના પ્રબંધકો તરફથી શ્રી સનાતન રામબલી હોલમાં મળેલી સનાતનીઓની આ જાહેર સભા અ. ભા. વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘના અગીઆરમા મહાધિવેશને કાશીમાં જે અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી તે બદલ પોતાનો હર્ષ પ્રકટ કરે છે અને ધર્મ તથા દેશોદ્ધારને માટે સંઘ મહાધિવેશને જે મહત્વપૂર્ણ ઠરાવો પાસ કરી કાર્યક્રમ યોજ્યો છે તે અનુસાર કાર્યનો સત્વર આરંભ કરવા આ સભા ગુજરાત કાઠીયાવાડના સનાતનીઓને અનુરોધ કરે છે.

## ઠરાવ ૨ જો

ઠરાવ રજુ કરનાર:—**શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમ સંઘવીજી**
અનુમોદન આપનાર:—**શ્રીયુત દત્તાત્રય બાળકૃષ્ણ માહુલીકર**

ધારાસભા લોકોનું રાજકીય તથા આર્થિક દૃષ્ટિએ કલ્યાણ થાય એવા ધારા ઘડવા માટે સ્થાપવામાં આવેલા છે, તેને કોઇના પણ ધર્મ સંબંધી પ્રશ્ન ચર્ચવાનો કે બીલ ઉપસ્થિત કરી ધર્મ વિરોધી કાયદા બનાવવાનો અધિકાર નથી છતાં કોંગ્રેસવાદી સુધારકો હિંદુઓના મતથી તેમાં પ્રવેશી હવે તેજ હિંદુઓના હૃદય ભેદનારા ધર્મધ્વંસી બીલો દાખલ કરી બળજબરીથી પાસ કરી શારડા એક્ટ, અત્યંજ મંદિર પ્રવેશ એક્ટ, અસ્પૃશ્યતા નિવારણ એક્ટ, ધર્માદા સંપત્તિ એક્ટ, દત્તક વિધાન એક્ટ, વારસા હક્ક એક્ટ જેવા હિંદુ ધર્મ મર્યાદાને નષ્ટભ્રષ્ટ કરનારા ભયાનક કાયાદાઓ બનાવતા જાય છે, તેને આ સભા સખ્ત રીતે ધિક્કારે છે. અને કોઈપણ સંયોગમાં એવા અધર્મી કાયદાઓને આધીન ન થતાં વહેલી તકે તે સર્વને રદ કરાવવા આ સભા સનાતન ધર્મ પ્રેમી જનતાને સાગ્રહ સૂચના કરે છે અને મતદારોના મતની અવહેલના કરનાર કોંગ્રેસી સુધારક સભ્યો તરફ પોતાનો અવિશ્વાસ પ્રકટ કરે છે.

## ઠરાવ ૩ જો

ઠરાવ રજુ કરનાર:—**શાસ્ત્રીજી અનુપરામ સદાશિવ**
અનુમોદન આપનાર:—**પં. શંકરપ્રસાદ મિશ્ર**

વડી ધારાસભામાં ડો. દેશમુખે હિંદુ પતિપત્નીલગ્નવિચ્છેદ ( છૂટાછેડા ) નું બીલ દાખલ કરી હિંદુઓની ધાર્મિક લાગણીને ભારે

આઘાત પહોંચાડયો છે. તે બોલ હિંદુ—ધર્મ શાસ્ત્રથી તદ્દન વિરૂદ્ધ હોય, હિંદુઓનો સંસાર નરકસમાન દુ:ખી કલેશમય બનાવનાર હોવાથી આ સભા તે તરફ પોતાનો સખ્ત અણગમો દર્શાવે છે. અને ના. વાઇસરોયને વિનંતિ કરે છે કે કોઇના પણ ધર્મમાં હસ્તક્ષેપ ન કરવાની રાણી વિકટોરીયાની નીતિને વળગી રહી આપે પ્રજામાં ભારે ક્ષોભ તથા અશાંતિ ઉત્પન્ન કરનારા આવાં ભયાનક બીલ કોઇપણ નામધારી સુધારકને દાખલ કરવાની પરવાનગી ન આપવી.

## ઠરાવ ૪ થો

**ઠરાવ રજુ કરનાર—શ્રીયુત નારાયણજી પુરૂષોત્તમ સાંગાણી**

**અનુમોદન આપનાર:—પં. જ્વાલાપ્રસાદજી પાણ્ડેય**

નિઝામ જેવા મુસલમાની રાજ્યોમાં હિંદુઓ પર અત્યાચાર ગુજરે છે ત્યાં ગાંધી કે કોંગ્રેસવાદીઓને સત્યાગ્રહ કરવાનું સુઝતું નથી, કિંતુ હિંદુ રાજાઓને ઉન્મૂલન કરવા માટે રાજકોટ વગેરે સ્થળે સત્યાગ્રહ તથા ત્રાગાનો ઢોંગ આદરી વડી સત્તાની સહાયતાથી દબાવી દેવાનો કુટિલ પ્રયાસ કરવામાં આવે છે તેને આ સભા સખ્ત રીતે વખોડી કાઢે છે અને બહુ મોડું થાય તથા શત્રુના ભોગ બની આત્મઘાતી ઠરાય તે પહેલાં આ સભાના હિંદુરાજા મહારાજાઓને ક્ષત્રિયોચિત ધર્મ સમજવા અને રાજકાજમાં સનાતનીઓને યોગ્ય પદે યોજી પ્રજાનું પુત્રપુત્રીવત્ પાલન કરી ઉગરવા અનુરોધ કરે છે. તેમ આઠ પ્રાંતોમાં કોંગ્રેસી પ્રધાન મંડળના હાથે સનાતનધર્મ અને જે સનાતનીઓની બુરી દશા થઈ તેવી ભયંકર અવદશા દેશી રાજ્યોમાં પણ ન થાય માટે રાજસ્થાનો સનાતનીઓએ તત્ક્ષણ સાવધાન થઇ સ્ટેટની કૌંસીલ એસેમ્બલી મ્યુનિસિપાલિટી આદિ દરેક જાહેર સંસ્થાઓ હસ્તગત કરી લેવી એવી આ સભાની સાગ્રહ ભલામણ છે.

## ઠરાવ ૫ મો.

**રજુ કરનાર:—શ્રી રતિલાલ મનસુખરામ પટેલ.**

**અનુમોદન આપનાર:—શ્રી માર્કંડરાય ચુનીલાલ રાવલ.**

આ સભા ઠરાવ કરે છે કે આજની સભામાં જે જે ઠરાવો કરવામાં આવ્યા છે તે ઠરાવોને લાગતા વળગતાઓને મોકલી આપવાને આજની સભાના પ્રમુખને સત્તા આપવામાં આવે છે.

ૐ

# જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ

પ્રમુખસ્થાનઃ—યાજ્ઞિકવર્ય વેદમૂર્તિ **શ્રી ગણુપતરામ ત્ર્યંબકરામ દવે**

યોગાસનોના પ્રયોગ કરનારઃ—**શ્રી મણીલાલ કાળીદાસ રાવલ**

કાશીવિશ્વનાથ મહાવિદ્યાલય, **અમદાવાદ,**

પરમ પૂજ્ય પ્રમુખ મહોદય, સંત મહાત્માઓ, સમુપસ્થિત ધાર્મિક બંધુઓ તથા બ્હેનો—

આજનો દિવસ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિનો હોઇ અત્યંત આનંદોત્સવનો છે, તદુપરાંત આજની સભાના અધ્યક્ષ સ્થાને ગુજરાતના પ્રસિદ્ધ યાજ્ઞિકવર્ય વેદમૂર્તિ વિરાજમાન હોઇ તેમની સમક્ષ તેમના પવિત્ર હસ્તે સ્વધર્મપરાયણુ સેવા ભાવી વ્યક્તિઓનો યત્કિંચિત્ સન્માન કરવાનો તથા યોગાસનોના પ્રયોગો કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

શ્રી મણીલાલ કાલિદાસ રાવલે યોગાસનોના પ્રયોગો કરી બતાવી તેના ઉપર વિવેચન કર્યું હતું અને પ્રમુખ મહોદયે યોગાસનનોની મહત્તા દર્શાવી હતી જેનો સાર નીચે મુજબ છે.

## યોગાસનોના વ્યાખ્યાનનો સાર

પ્રિય સજ્જનોઃ—આપણા પ્રાચીન મહર્ષિ પતંજલિએ યોગશાસ્ત્ર બનાવી આર્યો ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. યોગશાસ્ત્રમાં ઇશ્વર પ્રાપ્તિ અથવા જીંદગીનો હેતુ જે મોક્ષ તે સિદ્ધ કરવાને સીધો અને સરળ રસ્તો બતાવ્યો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગો છે. તે ઈશ્વર પ્રાપ્તિ માટે સાચાં પગથીયાં છે.

મનુષ્યને પરમાત્માએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ માટે શરીર આપ્યું છે. આ શરીરનાં અંગોને સુદૃઢ બનાવવા તથા સ્વાસ્થ્ય મેળવવા અને તેને કાયમ રાખવા પુરૂષાર્થ કરવો જોઈએ, તેમાં ચાર મુખ્ય વસ્તુઓની જરૂર છે. ઉત્તમ હવા, ખોરાક, પાણી અને વ્યાયામ. શરીરના નિભાવ અને સ્વાસ્થ્ય માટે આ ચાર ચીજો અનિવાર્ય છે. અત્રે આ ચારમાંથી વ્યાયામ માટે વિચાર કરવામાં આવ્યો છે. ખોરાક પાણી, તથા હવાની જેટલી જરૂર શરીરને છે તેટલીજ વ્યાયામની પણ છે.

આ વ્યાયામની પદ્ધતિ જુદા જુદા દેશમાં જુદી જુદી છે. આપણે હાલમાં દેશી રીતની કસરત દંડ, બેઠક કુસ્તી વગેરે જે મનુષ્યને હિંમતવાન મર્દ બનાવે છે તેને ત્યજી પશ્ચિમનું આંધળુ અનુકરણ કરવા મંડી પડયા છીએ.

આ સર્વે દેશી પદ્ધતિઓથી શરીર કસાય છે, અંગો મજબુત બને છે અને બીકણ સ્વભાવ મટી વીર બનાય છે એટલુંજ નહિ પરંતુ તેથી આયુષ્યની વૃદ્ધિ થાય છે.

મલ્લ તથા કુસ્તી બાજોએ લાંબુ આયુષ્ય ભોગવ્યું હોય એવા ઈતિહાસમાં પુરાવા નથી, પરંતુ પ્રાચીન સમયમાં ઋષિમુનિયોની વ્યાયામ પદ્ધતિ તદ્દન જુદીજ હતી, જે બળ તથા સ્વાસ્થ્ય આપવા સાથે આયુષ્યવર્ધક હતી તે પદ્ધતિ આસન છે.

આસન એ એવી પદ્ધતિ છે કે તેનાથી લોહીની ફરવાની ગતિ સુવ્યવસ્થ બને છે અને તેથી શરીરના મળોની વધુ શુદ્ધિ થતાં આરોગ્યની પ્રાપ્તિ સાથે ઉત્સાહ અને સ્ફુર્તિ વધે છે. બાળક, તરૂણ, વૃદ્ધ, વ્યાધિગ્રસ્ત અથવા દુર્બળ તથા સ્ત્રીઓને પણ આસનો ઘણાંજ લાભદાયક છે.

વર્તમાનયુગમાં અનેક મનુષ્યોને આરોગ્યાર્થે સેન્ડોવ્યાયામ, બસ્તિ વિધિ જળચિકિત્સા સારી લાગે છે. પરંતુ શોકની વાત છે કે જે ઋષિ મુનિયોના આપણે વંશજ છીએ તેમની યોગપદ્ધતિ પ્રત્યે કોઈનું ધ્યાન ખેંચાતું નથી. આરોગ્યસંપાદન કરવા માટે યોગપ્રક્રિયા સર્વાંગસુંદર અને પરિપૂર્ણ ઉપાય છે. આપણી અષ્ટાંગયોગપદ્ધતિ વિનામૂલ્યે આપણી રહેણી કરણીને અનુકૂળ સુગમ અને આરોગ્યદાયક હોઈ પશ્ચિમની સર્વ પદ્ધતિઓથી ઉત્તમ છે. આપણા પૂર્વજોએ અત્યંત ચાતુર્યપૂર્વક યોગાભ્યાસને આપણા જીવનમાં મેળવી દેવાનો પ્રયત્ન કર્યો હતો, અને એટલાજ માટે તેમણે ઉપનયન સાથે આસન, પ્રાણાયામ, ધ્યાનાદિ યોગના અંગોને નિત્ય કર્મમાં સંમિલિત કર્યાં છે. યોગસાધન વડે પ્રત્યેક મનુષ્યનું શરીર નીરોગ, સુદૃઢ, અને બળવાન બની શકે છે અને ક્ષયના જેવા ભયંકર વ્યાધિ પણ દૂર થઈ જાય છે. નીરોગી હોય છે તેમને યોગાભ્યાસથી કોઈ રોગ થતો નથી અને રોગી હોય છે તેના રોગ દૂર થાય છે, યોગ સાધના એવી પ્રકારની છે કે તેમાં કોઈ જાતના નાના વિધ સાધનોની આવશ્યકતા પડતી નથી અને શરીરને જાત જાતના કષ્ટો આપવાં પડતાં નથી, બહુ જાતના પદાર્થો ખાવા પડતા નથી અને કોઈ અન્ય સ્થળે જવાની પણ જરૂર પડતી નથી. ઘેરરહી

ત્રદિ્ધારોથી પોતાની ઇન્દ્રિયોનું સંયમન કરી પ્રત્યેક સ્ત્રી પુરૂષ આ સાધના કરે તો તેઓ અપૂર્વ શાંતિ અને સુખ મેળવી શકશે.

મનુષ્યની પુરૂષાર્થશકિત વિશેષ કરીને આરોગ્ય બળ, બુદ્ધિ, વિચાર, સામર્થ્ય, વ્યવહાર, ચાતુર્ય, સચ્ચાઈ, નિષ્કપટતા અને ઉદ્યોગ પ્રિયતા ઉપર અવલંબિત છે અને જે પુરૂષમાં ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ એ છ ગુણ હોય તે સર્વ કંઈ પ્રાપ્ત કરી ઉન્નતિ કરી શકે છે. આધુનિક સમયમાં શરીરસ્વાસ્થ્ય માટે અનેક ઉપાયો પ્રચલિત થયેલા જોવામાં આવે છે. ઔષધીપ્રયોગ, જાત જાતનો વ્યાયામ, વિવિધ પ્રકારના જળ પ્રયોગો, વિદ્યુતસંચાર, એક્ષકિરણ પ્રયોગ આદિ અનેક એવા મોહક ઉપાયો છે પણ નિર્ધન મનુષ્યો માટે તો તે નકામા જેવાજ છે, પણ યોગસાધનની રીતિ સર્વના માટે સોંઘી, સુગમ, સુસાધ્ય અને માથાકુટ વગરની છે.

શારીરિક અને માનસિક આરોગ્યતા માટે આસન, પ્રાણાયામ, ઉપાસના, સાત્વિક ખાનપાન, યોગ્ય વિશ્રાન્તિ એ પાંચ વાતોની મુખ્ય તો આવશ્યકતા છે.

૧ આસનોના વ્યાયામ સર્વ લોકોને એટલા માટે લાભદાયક છે કે તે પ્રત્યેક નિર્બળ યા તંદુરસ્ત મનુષ્ય વિના મૂલ્યે ગમે તે અવસ્થામાં કરી શકે છે અને અન્ય વ્યાયામ કરતાં આનાથી હૃદયને અધિક વિશ્રાંતિ મળી શકે છે.

આ આસનોના પ્રકાર અને કરવાની રીતો નીચે મુજબ છે.

(૧) નાડીયોના ખેંચાણનો વ્યાયામ, (૨) પ્રાણાયામનો વ્યાયામ, (૩) બળવર્ધક વ્યાયામ, (૪) સ્નાયુ સંચાલક વ્યાયામ.

(अ) ઉભા રહીને કરવાનાં આસન, ब બેસીને કરવાનાં આસન, क સુતાં સુતાં કરવાનાં આસન, ड ઉંધે મસ્તક કરવાનાં આસનો, આસનો સિવાય શરીરની સારી સ્થિતિ માટે ભ્રમણ કરવું, વેગથી ચાલવું, દોડવું, ડુંગર ચઢવા ઉતરવા, તરવું વગેરે ઉપયોગી વ્યાયામ છે.

(૨) પ્રણાયામનો વ્યાયામ:—પ્રાણનું મહત્વ તો સર્વ કોઈ જાણે છે. પ્રાણ વિના શરીરની કિંમત કંઈ પણ રહેતી નથી. માટે શરીર કરતાં પ્રાણની શકિત અધિક વધારવાનું પરમ આવશ્યક છે. જે લોકો સ્વભાવથીજ શ્વાસોચ્છવાસની ક્રિયા પૂર્ણ રીતે કરતા હોય છે. તેઓમાં વિલક્ષણ ઉત્સાહ દેખાય છે. જેવી રીતે જળથી શરીરની શુદ્ધિ થાય છે તેવીજ

રીતે જીવનરૂપ રક્તની શુદ્ધિ પ્રાણથી–પ્રાણાયામથી થાય છે. ભસ્ત્રા, સૂર્યભેદન વગેરે અનેક પ્રાણાયામના પ્રકારો છે.

ઉપાસના—સદ્‌ગુણની પરમ સીમાના કેન્દ્ર અને સદ્‌શક્તિની પરાકાષ્ઠાના સ્થાનરૂપ ઈશ્વરની ઉપાસનાથી મનમાં શાંતિ થાય છે. તેમજ શરીરનું આરોગ્ય વધે છે. શ્રી ઈશ્વરનાં સ્મરણ ચિન્તનાદિ પ્રધાન ઉપાસના કહેવાય છે. જેવું મન તેવા માનવી એ સાર્વભૌમ નિયમ છે એટલે મનુષ્યની ભલી બુરી સ્થિતિ મન ઉપર આધાર રાખે છે. ઉપાસનાથી મનની શાંતિ, આત્મિકબળ, ચિત્તની પ્રસન્નતા, બુદ્ધિની તેજસ્વિતા આદિની વૃદ્ધિ થાય છે.

સાત્વિક ખાનપાનઃ—આરોગ્યની સાથે ખાનપાનનો અતિ નિકટ સંબંધ છે માટે દરેક મનુષ્યે પોતાને માફક આવે તેવું સાત્વિક અને પુષ્ટિકારક ભોજન નક્કી કરવું જોઈએ. તળેલા પદાર્થો, ચાહ, કોફી, કોકો, સોડા, આઈસક્રીમ વિગેરે જઠરાગ્નિ મંદ કરનાર હોઈ, તેનો ત્યાગ કરવો યોગ્ય છે.

વિશ્રામઃ—પરિશ્રમ કર્યા પછી વિશ્રાંતિની ખાસ આવશ્યકયતા છે યોગ્ય વિશ્રાંતિથી નવજીવન, ઉત્સાહ, પુષ્ટિ, વર્ણની તેજસ્વિતા, બળ અને અગ્નિનું પ્રદીપન થાય છે.

ઉપરોક્ત વિવેચન ઉપરથી આપણે સમજી શકયા કે યોગાસનો સર્વ વ્યાયામમાં સુગમ, સરળ, અને સસ્તા અત્યંત લાભદાયક છે.

ઉપરોક્ત વિવેચન થયા બાદ શ્રી મણીલાલભાઈએ યોગાસનો. સૂર્યનમસ્કાર, પ્રાણાયામો, યોગની પ્રધાન ક્રિયાઓ, ઉત્તરયોગ, વગેરે સભા સમક્ષ કરી બતાવ્યા હતા તથા તેના લાભો પણ સમજાવ્યા હતા.

ત્યારબાદ પ્રમુખ મહોદયે યથોચિત વ્યાખ્યાન કરી સ્વધર્મ પરાયણ વ્યક્તિઓ—

(૧) અનેક દૈવી ગુણાલંકૃતં ઔદાર્ય સાગર, શ્રી જગદંબા કૃપાપાત્ર, પુનિત ચરિત્ર, સનાતન ધર્માનુરાગી સદ્ધર્મ માર્તંડ મહારાજશ્રી રામબલિજી પ્રાગજી.

(૨) સનાતનધર્મવિભૂષણ સાક્ષરોત્તમ, ભારતભૂષણ, વ્યાખ્યાનમાર્ત્તંડ, સદ્ધર્મભાસ્કર, સનાતનધર્મકેસરી; શીઘ્રકવીશ્વર, શ્રીમાન નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવીજી.

(૩) શ્રી સનાતનધર્મભૂષણ, સ્વદેશહિતચિંતક, આર્યસંસ્કૃતિરક્ષક માન્યવર—શ્રીમાન્ **નારાયણજી પુરૂષોત્તમ સાંગાણીજી** [મુંબઈ]

—ને તેઓની સેવાની કદરમાં અભિનન્દનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ શ્રી સપ્તાહ કાર્યવાહી સભા તરફથી આ કાર્યમાં આર્થિક મદદ માટે પૂર્ણ પુરૂષાર્થ કરી નાણાં ઉઘરાવી આપનાર સ્વધર્મનિષ્ઠ બંધુઓનો, મદદ કરનાર ગૃહસ્થોનો, સ્વધર્મ પરાયણ વ્યાખ્યાનકર્તાઓનો, પ્રતિદિન પધારી મંગળાચરણ કરનાર ભક્તરાજ રામમોહનરાય તત્ત્વદર્શીનો તથા સભાનું આમંત્રણ સ્વીકારી વીરમગામથી અત્રે પધારી ભોજનાલયની પૂર્ણ સુવ્યવસ્થા કરનાર શ્રીમાન્ વિજયશંકર ડાહ્યાશંકર ત્રિપાઠી તથા શ્રીમાન ચુનીલાલ દેવશંકર રાવલ વગેરેનો તથા કોઈપણ સદ્‌ગૃહસ્થની આ કાર્ય પ્રત્યેની સેવાનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તે સર્વેનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી સનાતન ધર્મવ્યાખ્યાનસપ્તાહની યોજના ધર્મરક્ષાની યથાશક્તિ પ્રવૃત્તિ કરવાઅર્થે શ્રી. ઔ. સ. બ્રા, જ્ઞાતિ હિતવર્ધક સભાએ અમદાવાદ તથા અન્યસ્થાનના સુપ્રસિદ્ધ આચાર્યો, ધનિકો, વિદ્વાનો, અધ્યાપકો, મહાત્માઓ વગેરેના પૂર્ણ સેવાભાવી સહકારથી યોજવામાં આવી હતી. તેના સારરૂપ આવ્યાખ્યાન માળા પ્રસિદ્ધ કરવા નક્કી કરવામાં આવ્યું છે. કિંતુ સંસ્થાના વિશેષ સાધનના અભાવે હાલ માત્ર ૬૨૫) પ્રત છપાવી સંતોષ માનવો પડયો છે પણ આશા છે કે સાધન સંપન્ન ગૃહસ્થો સનાતન ધર્મના રક્ષાર્થે સ્વતંત્ર રીતે છપાવી યથાશકિત વ્યાખ્યાનમાળા યા વ્યાખ્યાનનો પ્રચાર કરશે એજ.

અન્તમાં સનાતનધર્મની જયધ્વનિ સહિત જ્ઞાનયજ્ઞની સમાપ્તિ કરવામાં આવી હતી.

**सर्वेऽपि सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥**

---

તા. ક:-શ્રીમાન નગીનદાસ પુરૂષોતમદાસ સંઘવીજી તથા શ્રીમાન રતીલાલ મનસુખ પટેલ જેઓએ આ વ્યાખ્યાન સપ્તાહકાર્યમાં આદ્યથી અંતસુધી પૂર્ણોત્સાહપૂર્વક ધનમન અને તનથી સહાયતા કરી છે તથા આ વ્યાખ્યાનમાળાના પ્રૂફો તપાસવા અત્યંત શ્રમ કર્યો છે તે બદલ તેઓશ્રીઓનો આ સભા અંતઃકરણ પુર્વક આભાર માને છે.

# શ્રી. ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિ હિતવર્ધક સભા.

## સભાના ધ્યેયો

(૧) સનાતન હીંદુ વર્ણાશ્રમ ધર્મના તથા બ્રાહ્મણ કર્તવ્યના યોગ્ય પાલન સાથે સ્વજ્ઞાતિજનો વચ્ચે ઐક્ય બંન્ધુભાવ અને સહકારિત્વ ઉપજાવી સઘળા મનુષ્યોને તત્વજ્ઞાન, ધાર્મિક, નૈતિક, શારીરિક, ઉદ્યોગ સંબંધી સ્થિતિની ઉન્નતિ કરવી. અને **વર્ણાનામ્ બ્રાહ્મણ: શ્રેષ્ઠ:** પદને દિદીપ્યમાન કરવા પ્રવૃત્તિ કરવી. **કેળવણી આપવાથી દ્વેષ નાબુદ થાય છે અને જ્ઞાતિની ઉન્નતિ થાય છે.**

(૨) સનાતન હીંદુધર્મ તત્વજ્ઞાન અને નીતિના અનુયાયીઓના હક્ક, સ્વતંત્રતા અને ધાર્મિક લાગણીનું રક્ષણ કરવાને તથા તેઓનું બહારના હુમલા અથવા અપમાન ભરેલાં આક્રમણોથી રક્ષણ કરવા પૂરતો પ્રયત્ન કરવો.

(૩) સભાના ઉદ્દેશોના સિદ્ધયર્થે સભાઓ બોલાવવી, જયન્તીઓ ઉજવવી તેમજ ભાષણો માટે વ્યવસ્થા કરવી.

(૪ સભાના તરફથી ગીર્વાણ ભાષા, રાજ્યભાષા તથા ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ સારૂ પાઠશાળા, પુસ્તકાલયો, ઉત્સવો, જયન્તીઓ વગેરેનું નિયમિત કાર્ય કરવું.

(૫) શ્રી સભા તરફથી સભાના સહાયક વર્ગના તથા સભ્યના બાળક બાળિકાઓને માટે વિદ્યાભ્યાસ માટે પુસ્તકો, ફી, અભ્યાસ ગૃહો સ્કોલરશીપો વગેરેની વ્યવસ્થા કરવી.

(૬) શ્રી સનાતન હીંદુ ધર્માનુસાર નિરાધાર અને અશક્ત ઉદીચ્ય બ્રાહ્મણ વિધવાઓને ધાર્મિકજ્ઞાન, આર્થિક મદદ, તથા ઉદ્યોગને લગતી સગવડ કરી આપવા પુરૂષાર્થ કરવો.

(૭) સનાતન હીંદુ ધર્માનુસાર આ સંસ્થા શાસ્ત્ર વિરૂદ્ધ ગણાતા વૃદ્ધ-લગ્ન, દેવાદાર બની જમણવાર કરવાના તથા બીજા અયોગ્ય રીત રીવાજોને નાબુદ કરવા પોતાની બનતી કાળીગરી સમજુતી કરી બંધ કરવા પુરૂષાર્થ કરશે.

(૮) સભાના હેતુઓની સિદ્ધિમાં જેમણે મદદ કરેલી હોય તથા જ્ઞાતિના પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને તેઓની સેવાને માટે અને જેઓ યોગ્ય હોય તેવા મનુષ્યોને પ્રતિષ્ઠા અને ગુણજ્ઞતાનાં ચિન્હો તરીકે પ્રતિષ્ઠાપત્રો, ચંદ્રકો વગેરે આપવાં.

પ્રકાશક : **શ્રી. ઉ. સ. બ્રા. જ્ઞાતિ હિતવર્ધક સભા.** તરફથી
**માર્કંડરાય ચુનીલાલ રાવલ મંત્રી,**
ઠે. ઘીકાંટા નવતાડની પોળ, અમદાવાદ.

આ રિપોર્ટ ધી કોમર્શીયલ પ્રીન્ટરી, પાંચકુવા ચાર રસ્તા-અમદાવાદમાં
આર. એમ. પટેલે છાપ્યો.